## વિષય : ગુજરાતી

# વર્ષ 2000 થી 2016 દરમિયાનની CBSEની પરીક્ષાઓમાં પુછાયેલા પ્રશ્નોમાંથી SA-2 : 2ndTermના સીલેબસને ધ્યાનમાં રાખીને તારવેલા પ્રશ્નો અને માર્ગદર્શન

(જયાં પ્રશ્નોની સંખ્યા ઓછી છે ત્યાં પ્રેકટીશ માટે બોર્ડમાં ન પુછાયેલા પ્રશ્નો આપ્યા છે.)

.......................................................................................................................

## Section : A : Reading Comprehension(15 Marks)

**1. (A)&(B)નીચનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબનો વિકલ્પ શોધી સાચો જવાબ લખો.** 5+5=10

*(જરૂર લાગી ત્યાં ડીસ્ક્રીપ્ટીવ પ્રશ્નોને MCQમાં ફેરવ્યા છે કારણ કે અગાઉ MCQ પુછાતા ન હતા.)*

[1] **[2001-2002]**

યંત્રો ત્રણ પ્રકારના છે. તોપ, બોંબ, જેવાં યંત્રો સંહારક એટલે એ માણસોનો સંહાર કરવા માટે છે. આવા યંત્રો આપણને ન જોઈએ. બીજા યંત્રો સમય સાધક છે. એટલે કે સમય બચાવે છે, જેમકે મોટર, રેલ્વે, વિમાન વગેરે. એ પ્રકારનાં યંત્રોનો આપણે વિરોધ નથી કરતાં. ત્રીજા પ્રકારનાં યંત્રો ઉત્પાદક યંત્રો છે, જે માણસને એના કામમાં મદદ કરે છે. જેમકે દરજીનું સીવવાનું યંત્ર, કુવામાંથી કે જળાશયમાંથી પાણી ખેંચવાનો પંપ વગેરે. જે માનવથી થઇ શકતું નથી તે આ યંત્રો કરે છે, તે આવકાર આપવા જેવાં છે.

પ્રશ્નો :

(૧)યંત્રો કેટલા પ્રકારનાં છે ?

(અ) અનેક

(બ) ઘણાં

(ક) ત્રણ

(ડ)અમુક

(૨)સંહારક યંત્રો કોને કહેવાય ?

(અ)જે સમય બચાવે

(બ)જે પૈસા બચાવે

(ક) જે માણસોનો સંહાર કરે

(ડ)જે સહાય કરે

(૩)સમય સાધક યંત્રો એટલે શું ?

(અ)જે સમય બચાવે

(બ)જે પૈસા બચાવે

(ક) જે માણસોનો સંહાર કરે

(ડ)જે સમયસર કામ કરે

(૪)કયા યંત્રો આવકાર આપવા જેવાં છે ?

(અ) ઉત્પાદક

(બ) બીનઉત્પાદક
(ક) ઝડપી
(ડ)એક પણ નહિ
(૫)આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

(અ)યંત્ર અને માનવ

(બ)ત્રણ પ્રકારના યંત્રો
(ક) યંત્ર અને વિનાશ

(ડ)યંત્રમાનવ

[2] **[Has been asked in board but year is not availabel]**

**અમારા સૌથી મોટા ભાઈ બાબા અમારી નીતિના ચોકીદાર હતા. તેમની ભણવાની ઓરડી એ તો એક ભારે જાહેર સંસ્થા જેવી હતી. બાબા નિશાળે જતા ત્યારે બધું સૂનું સૂનું થઈ જતું. પણ બાકીનો આખો દિવસ કાવ્યશાસ્ત્ર અને વિનોદની પિચકારીઓ ચાલતી. બાબાને ચોપડીઓનો શોખ અસાધારણ હતો. એટલે, હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને જરૂર હોય તેવી, અને જરૂર ન હોય તેવી પણ જાતજાતની ચોપડીઓનો ઢગલો એમની ખોલીમાં પડેલો હોય. સ્વાભાવિક રીતે નિશાળના છોકરાઓ, ગોળને માખીઓ ચોંટી રહે તેમ, બાબાની એ ઓરડીને ચોંટી જ રહેતા.**

પ્રશ્નો :

(૧)બાબા કેવા હતા ?

(અ)અમારા ભાંગ્યાના ભેરુ

(બ)અમારી નીતિના ચોકીદાર
(ક)ચોપડી વાચવાના શોખીન
(ડ)અલગારી
(૨)તેમની ઓરડી કેવી હતી ?

(અ)જાહેર સંસ્થા જેવી

(બ)ચોખ્ખી અને સ્વચ્છ
(ક) નિશાળ જેવી
(ડ)ખુબ જ નાની
(૩)બાબાની ઓરડીમાં શેનો ઢગલો પડેલો રહેતો ?

(અ)જાતજાતની વસ્તુઓનો

(બ) જાતજાતની ચોપડીઓનો
(ક)જાતજાતની પીચકારીઓનો
(ડ)પૈસાનો
(૪)બાબા ઓરડીમાં હોય ત્યારે શું થતું ?

(અ) કાવ્યશાસ્ત્ર અને વિનોદની પિચકારીઓ ચાલતી

(બ) મોજ મસ્તી ચાલતી
(ક) બધું સૂનું સૂનું થઈ જતું

(ડ) કંઇ જ નહિ

(૫)નિશાળના છોકરાઓ શું કરતા ?

(અ)બાબાની  ઓરડીને ચોંટી જ રહેતા.

(બ)બાબાની ઓરડીમાં વિનોદની પીચકારીઓ ઉડાડતા.

(ક) ગોળ પર માંખીઓને બેસાડતા.

(ડ)ગોળધાણા વહેચતા અને ખાતા

[3] **[2005-2006]**

મને સ્પષ્ટ સમજાવા લાગ્યું કે જે રીતનો ધર્મ આપણે સમજીએ છીએ તેણે તો પ્રજાને અસ્પૃશ્યતા, ઊંચનીચના ભેદ, જ્ઞાતિપ્રથા, વર્ણવાદ અને આ બધાંના પરિણામે વિખવાદ, કુસંપ, વિખંડન તથા ગુલામી આપ્યા હતા. તેણે વ્યકિત તથા પ્રજાની ઇચ્છાશકિતને મારી નાખવાનું કામ કર્યુ હતું. ઇચ્છાશકિતની મંદતાથી ભારતમાં કોઇ નેપોલિયન કે સિકંદર પેદા ન થઇ શકયો. તે સતત પરદેશીઓના આક્રમણ તળે કચડાતો દેશ રહ્યો.

– સ્વામી સચ્ચિદાનંદ

પ્રશ્નો :

(૧)આપણી ધર્મ વિશેની સમજ કેવી છે ?

(અ) તે પ્રજાને અસ્પૃશ્યતા આપે છે.

(બ) તે  પ્રજાને અસ્પૃશ્યતા, ઊંચનીચના ભેદ, જ્ઞાતિપ્રથા, વર્ણવાદ આપે છે.

(ક) તે પ્રજાને અસ્પૃશ્યતા અને ઊંચનીચના ભેદભાવ આપે છે.

(ડ)અંધશ્રદ્ધાને આગળ વધારનારી

(૨)વ્યકિત અને પ્રજાજીવન પર આપણી ધાર્મિકતાની કેવી અસર પડી ?

(અ)તેણે વ્યકિત તથા પ્રજાને નિસ્તેજ બનાવી નાખી.

(બ)તેણે વ્યકિત તથા પ્રજાને માયકાંગલી બનાવી દીધી.

(ક)તેણે વ્યકિત તથા પ્રજાની ઇચ્છાશકિતને મારી નાખવાનું કામ કર્યુ.

(ડ) વ્યકિત બળવાન બની અને પ્રજાજીવન સુખી થયું

(૩)ઇચ્છાશકિતની મંદતાનું શું પરિણામ આવ્યું ?

(અ)ભારતમાં કોઇ નેપોલિયન કે સિકંદર પેદા ન થઇ શકયો.

(બ)ભારતમાં પરદેશીઓએ આક્રમણ કર્યુ.

(ક)ભારતમાં કોઇ ભડવીર પેદા ન થઇ શકયો.

(ડ)ભારતની પ્રજા માયકાંગલી બની ગઇ

(૪)નેપોલિયન કે સિકંદર શેના પ્રતિનિધિ ગણાય ?

(અ)યુદ્ધ સંગ્રામના

(બ) મહાનતાના

(ક) ઇચ્છાશકિતના

(ડ)લોકોના

(૫) ગદ્યખંડ યોગ્ય શીર્ષક આપો.

(અ)જ્ઞાન વિષેની સમજણ અને તેના પરિણામો

(બ)ધર્મ વિષેની સમજણ અને તેના પરિણામો

(ક) દેશ વિષેની સમજણ અને તેના પરિણામો

(ડ)વિશ્વવિષેની સમજણ અને તેના પરિણામો

[4] **[2000-2001]**

દેવકને દેવદાન, ઉપદેવ, સુદેવ ને દેવરક્ષિત નામના ચાર પુત્રો હતા. દેવકી, શ્રુતદેવી વગેરે સાત પુત્રીઓ હતી. દેવકની આ પુત્રીઓ વસુદેવને પરણી હતી. દેવકીથી કૃષ્ણનો જન્મ થયો હતો. ઉગ્રસેનને નવ પુત્રો અને પાંચ પુત્રીઓ હતી. તેમાં કંસ જયેષ્ઠપુત્ર હતો. કંસ પૂર્વજન્મમાં કાલનમિ હતો એમ કહેવાય છે. તેણે પોતાના પિતાને બંધનમાં રાખીને રાજયાસન કબજે કર્યુ હતું. વસુદેવ તેમાં પ્રધાન હતા. કંસે તેની બહેન દેવકીના સાત બાળકોને મારી નાખ્યાં હતા કારણ કે એને ડર હતો કે દેવકીનો બાળક તેની હત્યા કરશે. કૃષ્ણ અને બલરામ ગોકુળ અને વૃંદાવનમાં ઊછર્યા હતા. કૃષ્ણે પાછળથી કંસનો નાશ કર્યો અને મથુરાનું રાજય ફરીને ઉગ્રસેનના હાથમાં મૂકયું.

પ્રશ્નો :

(૧)દેવકને કેટલા સંતાનો હતા ?

(અ)અગિયાર

(બ)નવ

(ક) પાંચ

(ડ)એક પણ નહિ

(૨)કૃષ્ણના માતાપિતાનું નામ લખો.

(અ)જશોદા અને ઉગ્રસેન

(બ)દેવદાન અને શ્રૂતદેવ

(ક)દેવકી અને વસુદેવ

(ડ) દેવકી અને દેવદાન

(૩)કંસ કોણ હતો ?

(અ)ગોકુળનો રાજા

(બ) ઉગ્રસેનનો જ્યેષ્ઠપુત્ર

(ક)મામા શકુનીનો મોટોભાઈ

(ડ)મામા શકુનીનો નાનો દીકરો

<u>અથવા</u>

(૩)કંસનું પૂર્વજન્મનું નામ શું હતું ?

(અ)મહાહત્યારો

(બ)બલરામ

(ક)કાલનમિ

(ડ)કંસ જ

(૪)કંસે કરેલા બે દુષ્કૃત્યો લખો.

(અ) ઉગ્રસેનનું ખૂન કર્યુ અને રાજયની ધનસંપતિ હડપી લીધી

(બ) ઉગ્રસેન પાસેથી રાજયાસન કબજે કર્યુ અને દેવકીના સાત બાળકોને મારી નાખ્યા

(ક)કૃષ્ણને હરાવ્યો અને મથુરાનું રાજય પડાવી લીધું.

(ડ)મગધના રાજાને વનવાસ અને દેવકીને છૂટાછેડા

(૫)કૃષ્ણએ શું શું કર્યુ ?

(અ)કંસને અભય વરદાન અને માતા દેવકીને રાજમાતાનું સ્થાન

(બ)કંસનો નાશ અને ઉગ્રસેનને મથુરાનું રાજય

(ક) ગોકુળ અને મથુરામાં ગોપીઓ સાથે લીલા

(ડ)ગોપીઓ સાથે લીલા અને કૌરવને સાથ આપ્યો

[5] **[Has been asked in board but year is not availabel]**

લેખકો વાચકોને ઘડે છે એ વાત જેટલી સાચી છે, એટલી જ સાચી વાત એ છે કે વાચકો લેખકોને પણ ઘડે, એને ટપારે, ઠપકો આપે અને આંગળી ચીંધે છે. લેખક જયારે પ્રકાશનના માધ્યમ દ્વારા જાહેરમાં આવે છે ત્યારે એનું ઉત્તરદાયીત્વ વધી જાય છે. કથામાં આવતી ચોરી, છેતરપિંડી કે લૂટની વાતો વાંચીને કોઈ નાદાન વાચક એવું જ કરવા પ્રેરિત થાય ત્યારે એનાં એવાં કાર્યો માટે આડકતરી રીતે લેખક પણ જવાબદાર ગણાઈ જાય.

પ્રશ્નો :

(૧)લેખકો વાંચકો માટે શું કરે છે ?

(અ)વાચકો માટે પુસ્તક લખે છે.

(બ)વાચકો માટે સાહિત્ય રચે છે.

(ક) વાચકોને ઘડે છે.

(ડ)વાંચકો માટે મનોમંથન કરે છે.

(૨)વાચકો લેખકો માટે શું કરે છે ?

(અ)લેખકના પુસ્તકો વાચે છે.

(બ)લખકોને ઘડે છે.

(ક)લેખકોનું સાહિત્ય વાચે છે.

(ડ)કંઈ જ કરતા નથી.

(૩)લેખકનું ઉત્તરદાયીત્વ કયારે વધી જાય છે ?

(અ)લેખક જયારે પ્રકાશનના માધ્યમ દ્વારા જાહેરમાં આવે છે ત્યારે

(બ) લેખક જયારે આંગળી ચીંધે છે ત્યારે

(ક)લેખક જયારે ઠપકો આપે છે ત્યારે

(ડ)જયારે વાચકોને વાચનમાં રસ નથી રહેતો ત્યારે

(૪)નાદાન વાચકો કેવા કાર્યો કરવા પ્રેરાય છે ?

(અ) ખરાબ

(બ) સારા

(ક) અતિ ઉતમ

(ડ)સૌને ગમે તેવા

(૫)લેખક શેના માટે જવાબદાર ગણાય ?

(અ)વાચકોના અતિ ઉતમ કામ માટે

(બ)વાચકોના ખરાબ કામ માટે

(ક)વાચકોના સારા કામ માટે

(ડ)શેનાય માટે નહિ

[6] **[Has been asked in board but year is not availabel]**

પંઢરપૂરમાં ચંદ્રભાગા નદીને કિનારે પુંડલિકનું પ્રસિદ્ધ મંદિર છે. પુંડલિકની ભકિતથી પ્રસન્ન થઈને શ્રીકૃષ્ણ પોતે એકવાર તેને વરદાન દેવા આવ્યા. તે વખતે તે માતાપિતાની સેવામાં લીન હતો. માતાપિતાની સેવા છોડીને તેને પરમાત્માનું સ્વાગત કરવા ઊઠવું ઉચિત ન લાગ્યું. એણે પાસે પડેલી એક ઈંટ પ્રભુની તરફ ફેંકી અને કહ્યું. "લો આસન. જરા ઊભા રહો. મારી સેવા પૂરી થવા દો." સેવામાંથી પરવાર્યા પછી તેણે પ્રભુને કહ્યું, "પ્રભુ હું તો સેવાથી જ સંતોષ માનું છું. છતાં વચન આપો તો એટલું માગું છું કે અહિ આપ ઊભા છો એવા જ અટ્ઠાવીસ યુગો સુધી ભકતોને દર્શન આપવા ઊભા રહો." તે દિવસથી શ્રીકૃષ્ણનું નામ 'વિઠ્ઠલ' કે વીટ ઉપર ઊભા રહેનાર પડયું.

**પ્રશ્નો :**

(૧)ચંદ્રભગા નદીને કિનારે કયું પ્રસિદ્ધ મંદિર છે ?

(અ)સોમનાથ

(બ)બદ્રીનાથ

(ક)પુંડલિક

(ડ)કેદારનાથ

(૨)પ્રભુ વરદાન દેવા આવ્યા ત્યારે પુંડલિક શું કરતો હતો ?

(અ)માતાપિતાની સેવામાં લીન હતો.

(બ) ઈંટો ગણતો હતો.

(ક) ભકિત કરતો હતો.

(ડ)સાધના કરતો હતો.

(૩)વરદાન આપવા આવનાર પ્રભુનું સ્વાગત પુંડલીકે કેવી રીતે કર્યુ ?

(અ) દંડવત પ્રણામ કરીને

(બ) તેમના તરફ ઈંટ ફેંકીને

(ક) પુષ્પમાળાથી

(ડ) હાથ જોડીને

(૪)પુંડલિકે શું વરદાન માંગ્યું ?

(અ) અટ્ઠાવીસ યુગો સુધી ભકતોને વચન આપવાનું

(બ) અટ્ઠાવીસ યુગો સુધી ભકતોને વરદાન આપવાનું

(ક) અટ્ઠાવીસ યુગો સુધી ભકતોને દર્શન આપવાનું

(ડ) અટ્ઠાવીસ યુગો સુધી ભકતોને શકિત આપવાનું

(૫)વિઠ્ઠલ કોનું નામ છે ?

(અ)શ્રીકૃષ્ણનું

(બ)શંકરનું

(ક) બ્રહ્માનું

(ડ) રામનું

[7] **[2006-2007]**

પ્રત્યેક પ્રજામાં, સ્ત્રી અગર પુરૂષ જીવનમાં જાણે અજાણે આચરણમાં મુકાતા કોઈ એક આદર્શનું પ્રતીક હોય છે. વ્યકિત એ મૂર્તિમંત થવા માગતા આદર્શની બાહ્ય અભિવ્યકિત છે. આવી વ્યકિતઓનો સમૂહ એટલે એક પ્રજા; અને એ પ્રજા પણ કોઈ મહાન આદર્શને રજૂ કરે છે. તે આદર્શ તરફ તે જઈ રહી હોય છે. તેથી કોઈ પણ પ્રજાને સમજવા માટે તમારે પ્રથમ તેનો આદર્શ સમજવો જોઈએ. કારણ પ્રત્યેક પ્રજા પોતાના ધોરણ સિવાયના બીજા કોઈ પણ ધોરણ દ્વારા પોતાનું મુલ્યાંકન કરાવવાનું પસંદ નથી કરતી. – સ્વામી વિવેકાનંદ

પ્રશ્નો :

(૧)કોઈ પણ પ્રજામાં સ્ત્રી અગર પુરૂષ શેના પ્રતીક હોય છે ?

(અ) આચરણમાં મુકાતા આદર્શનું

(બ)અભિવ્યકિતનું

(ક) મહાન આદર્શનું

(ડ)સન્નમાનનું

(૨)વ્યકિત શેની બાહ્ય અભિવ્યકિત છે ?

(અ)મુલ્યાંકન અને આદર્શની

(બ)નકામા આદર્શની

(ક) મૂર્તિમંત થવા માગતા આદર્શની

(ડ)સમાજની

(૩)પ્રજા કઈ તરફ ગતિ કરતી હોય છે ?

(અ)મહાન આદર્શ તરફ

(બ) સચોટ રજૂઆત તરફ

(ક)પસંદ – નાપસંદના વહેણ તરફ

(ડ)સંસાર તરફ

(૪)કોઈ પણ પ્રજાને સમજવા માટે પ્રથમ શું સમજવું જરૂરી છે ?

(અ) ભાષા

(બ) આદર્શ

(ક) રીતભાત

(ડ) બાહ્ય આચાર

(૫)પ્રત્યેક પ્રજા શું પસંદ નથી કરતી ?

(અ)ધોરણ સિવાયનું મુલ્યાંકન

(બ)ધોરણસરનું મુલ્યાંકન

(ક)નકામી ટકટક

(ડ)ઘોંઘાટ

[8] **[2007-2008]**

આધુનિક જમાનામાં ભૌતિક સંપત્તિની પ્રાપ્તિ માટે જાણે આપણે આંધળી દોટ દોડી રહ્યાં છીએ. આ ભાગદોડની હરિફાઈમા જેમ જેમ અંતર કાપતા જઈએ છીએ તેમ તેમ પ્રત્યેક હરણફાળે નીતિમત્તાના મૂલ્યો પડતાં મૂકતાં જઈ આગળ વધી રહ્યા છીએ. દરેક ડગલે, દરેક ચરણે, જાણે આપણે કશુંક છોડીને મંઝિલ કાપતાં જઈએ છીએ. અને જયારે મંઝિલનો અંત નજીક આવતો લાગે ત્યારે આપણે એવી લાગણી અનુભવીએ છીએ કે ખરેખર આપણે કશું પ્રાપ્ત કર્યુ છે ખરું ? અને જો પ્રાપ્ત કર્યુ હોય તો શું ગુમાવીને પ્રાપ્ત કર્યુ છે ? યુદ્ધની જીતના આનંદ કરતાં હારનો અહેસાસ વધુ થાય છે. આપણી પ્રગતિમાં કયાંક કશીક પીછેહઠ થઈ છે. આ પીછેહઠનો અહેસાસ એટલે જ માનવજીનનમાં પ્રગટેલી એક નાનકડી દીવડી.

– ગિરીશ ગણાત્રા

પ્રશ્નો :

(૧)આપણે શેના માટે આંધળી દોટ લગાવી છે ?

(અ)આઘ્યાત્મીક સંપત્તિની પ્રાપ્તિ માટે

(બ) ભૌતિક સંપત્તિની પ્રાપ્તિ માટે

(ક) ધન સંપત્તિની પ્રાપ્તિ માટે

(ડ) પુત્રપ્રાપ્તી માટે

(૨)આ હરિફાઈમાં આપણે શું પડતું મૂકતાં જઈએ છીએ ?

(અ)નીતિમત્તાના મૂલ્યો

(બ)જમવાનું

(ક)મંઝિલનો માર્ગ

(ડ) કરવેરા

(૩)મંઝિલ નજીક આવતાં આપણે કેવી લાગણી અનુભવીએ છીએ ?

(અ) ખરેખર આપણે કશું પ્રાપ્ત કર્યુ છે ખરું ?

(બ) ખરેખર આપણે કશું ગુમાવ્યું છે ખરું ?

(ક) ખરેખર આપણે કશું અજુગતું કર્યુ છે ખરું ?

(ડ) ખરેખર આપણે કશું જાણ્યુ છે ખરું ?

(૪)આપણા પીછેહઠના અહેસાસને લેખક કયા શબ્દોમાં વર્ણવે છે ?

(અ) માનવજીનનમાં પ્રગટેલી એક નાનકડી વાટ્ય

(બ) માનવજીનનમાં પ્રગટેલી એક નાનકડી દીવડી

(ક) માનવજીનનમાં પ્રગટેલી એક નાનકડી દીવાદાંડી

(ડ) માનવજીનનમાં પ્રગટેલી એક જીવનચેતના

(૫)આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

(અ)ભૌતિક સંપત્તિ પાછળની આંધળી દોટ

(બ)ભૌતિક સંપત્તિ એ જ સાચી સંપત્તિ

(ક)નીતિમત્તાનું પુનરાગમન

(ડ) સાચુ માનવજીવન

વિદ્યા મેળવવાનો આધાર કેવળ વિદ્યાલય ઉપર જ નથી હોતો, મુખ્યત્વે કરીને એ વિદ્યાર્થી ઉપર જ હોય છે. ઘણા વિદ્યાર્થીઓ શાળામાં જાય છે એટલું જ નહિ, ઉપાધિ પણ મેળવે છે, છતાં વિદ્યા પામતા નથી. તે જ પ્રમાણે તીર્થ કરવા તો ઘણા જાય છે, પણ તીર્થનું સાચુ ફળ મેળવી શકતા નથી. જેઓ જોવાની વસ્તુને જુએ નહિ, મેળવવાની વસ્તુ લે નહિ તેમની વિદ્યા આખર સુધી પોથીમાં જ રહે છે અને ધર્મ બાહ્ય આચરણમાં જ પુરાઈ રહે છે.

પ્રશ્નો :

(૧)વિદ્યા મેળવવાનો આધાર કોના કોના ઉપર હોય છે ?

(અ)વિદ્યાલય અને વિદ્યાર્થી

(બ)વિદ્યાર્થી અને શિક્ષક

(ક) સગવડ અને શિક્ષણ

(ડ)કોઈન પર નહિ

(૨)ઉપાધિ(ડીગ્રી) મેળવવા માત્રથી શું પ્રાપ્ત નથી થતું ?

(અ)સમજણ

(બ)જ્ઞાન

(ક) વિદ્યા

(ડ)પૈસા

(૩)સાચો વિદ્યાર્થી કેવો હોય ?

(અ)વિદ્યા મેળવે તે

(બ) ફળ મેળવે તે

(ક)સમજદારી દાખવે તે

(ડ)ખુબ જ દેખાવડો

<u>અથવા</u>

(૩)સાચો તીર્થયાત્રી કેવો હોય ?

અ)વિદ્યા મેળવે તે

(બ) ફળ મેળવે તે

(ક)સમજદારી દાખવે તે

(ડ)બધા જ તીર્થસ્થળોની મુલાકાત કરે તે

(૪)જેઓ જોવાની વસ્તુને જુએ નહિ, મેળવવાની વસ્તુ લે નહિ તેમની વિદ્યા કયાં રહી જાય છે ?

(અ) મનમાં જ

(બ) પોથીમાં

(ક) શાળામાં જ

(ડ) દફતરમાં જ

(૫)આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

(અ)ખરો વિદ્યાર્થી

(બ)ખરી વિદ્યા

(ક) વિદ્યા અને વિદ્યા આપનાર

(ડ) વિદ્યા અને વિદ્યાર્થી

[10] **[2009-2010]**

વિશાળકાય હાથી નાનકડા માનવીની તાકાત અને કામ કઢાવી લેવાની કળા પ્રત્યે મુગ્ધ દૃષ્ટિએ જોતો હશે. તેને થતું હશે કે અજબ છે આ માનવીની બુદ્ધિ ! છતાંય હાથીદાંત માટે ઘેલા થતા અને પોતાનો જાન લેતા માનવીને તે ખૂબ લોભી, લાલચુ અને ક્રૂર માનતો હશે. માનવસેવાને ધર્મ સમજતું ઊંટ મનુષ્ય પ્રત્યે સ્થિતપ્રજ્ઞ દૃષ્ટિએ જોતું હશે, તેમ છતાં વિશાળ રેતાળ રણમાં પોતાના સહચર માનવીની હિંમત જોઇ તેના પ્રત્યે તેને અવશ્ય માન ઉદ્ભવતું હશે. પ્રાણીસૃષ્ટિ પર રાજ કરતા માનવીને પોતાના પર સવાર થયેલો જોઇ ઘોડો રોમાંચ અનુભવતો હશે. જોકે રેસકોર્સમાં માનવીની ઘેલછા જોઇને તો તે મનુષ્યની બુદ્ધિ સર્વોપરિતા વિશે પણ કદાચ શંકા સેવતો હશે !

પ્રશ્નો :

(૧)હાથીને માનવીની બુદ્ધિ વિશે અહોભાવ શા માટે પેદા થતો હશે ?

(અ) કામ અને નામ કઢાવી લેવાની કળા માટે

(બ) કામ ન કઢાવી શકવાની મુર્ખામી માટે

(ક) કામ કઢાવી લેવાની કળા માટે

(ડ) કારણ કે હાથી કંઇ ખબર પડતી નથી.

(૨)હાથીદાંત ગુમાવતા હાથીને માનવ માટે કેવી લાગણી થતી હશે ?

(અ)માનવી ક્રૂર છે.

(બ)માનવી બુદ્ધિશાળી છે.

(ક) માનવી અમાનવીય છે.

(ડ) માનવી દયાળુ છે.

(૩)ઊંટને માનવી માટે કેવી કેવી લાગણી થતી હશે ?

(અ)માનની

(બ) અપમાનની

(ક)રણમાં ભાઇબંધ જેવી

(ડ) ભયંકર

(૪)ઘોડાને માનવી માટે કેવા કેવા વિચારો આવતા હશે ?

(અ) રોમાંચ અને બુદ્ધિ સર્વોપરિતા વિશે માનના

(બ) રોમાંચ અને બુદ્ધિ સર્વોપરિતા વિશે શંકાના

(ક) બુદ્ધિ, સર્વોપરિતા અને મુર્ખાઈના

(ડ) વાહ ! શું માનવી છે !

(૫)આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

(અ)હાથી, ઘોડો અને ઊંટ

(બ)પ્રાણીઓ બોલે છે.....

(ક)પ્રાણીઓનું મનુષ્ય અંગેનું દષ્ટિબિંદુ

(ડ)માનવ અને પ્રાણી

[11] **[2010-2011]**

**આપણા એક પ્રધાને હમણા એક સંગીતકાર અંગેના સમારંભમાં કહ્યું કે પોતાના સ્વભાવમાં જે રીતની કર્કશતા છે તે જો પોતાને નાનપણમાં સંગીતની કેળવણી મળી હોત તો કદાચ ન રહેવા પામત. કોઇ મહાજને કહ્યું છે કે સંગીતની જે ની ઉપર અસર થતી નથી તેનો કદી ભરોસો કરવો નહી. માણસના અસ્તીત્વને સ્પર્શવાની સંગીતમાં કોઇ અમોઘ શકિત છે. બહારથી બરછટ અને પડછંદ લાગતા ટોલ્સ્ટોયની સંગીતના જલસામાં જોવા જેવી દશા થતી. સંગીતના સૂર છડાતાં જ તેમની હિમધવલ દાઢી ઉપર થઇને અશ્રુઓ ટપકવા માંડતા**

**– ઉમાશંકર જોશી**

**પ્રશ્નો :**

(૧)પ્રધાનશ્રીએ કબૂલ્યું કે પોતાને નાનપણમાં સંગીતની કેળવળી મળી હોત તો :

(અ) પોતે નિર્મળ હ્રદયના બન્યા હોત.

(બ) પોતે કઠોર હ્રદયના બન્યા હોત.

(ક) પોતાના સ્વભાવની કર્કશતા દૂર થઇ હોત.

(ડ) પોતે મોટા સંગીતકાર બની ગયા હોત.

(૨)સંગીતની જેના પર અસર થતી નથી :

(અ) તેનો કયારેક ભરોસો રાખી શકાય.

(બ) તેનો કદી ભરોસો ન કરાય.

(ક) તે કયારેક ભરોસો તોડી શકે.

(ડ) તેના ઉપર બીજા કશાની અસર થતી નથી.

(૩)સંગીતમાં શેની અમોઘ શકિત રહેલી છે ?

(અ) માણસના મનને શાંતિ આપવાની.

(બ) માણસના મનને બેચેન કરી મૂકવાની.

(ક) માણસના અંતસ્તત્વને સ્પર્શવાની.

(ડ) માણસના મનને મનોરંજન પૂરુ પાડવાની.

(૪)મહાન લેખક ટોલ્સ્ટોય કેવા લાગતા હતા ?

(અ) નીચા અને નાજુક

(બ) ઊંચા અને પાતળા

(ક) બરછટ અને પડછંદ

(ડ) કદરૂપા અને ભયભિત

(૫) સંગીતશ્રવણની ટોલ્સ્ટોય પર કેવી અસર થતી ?

(અ)તેઓ ઊભા થઇને નાચવા લાગતા.

(બ)તેઓ બેઠા બેઠા ડોલી ઊઠતા.

(ક) કંઈ જ અસર ન થતી

(ડ) એમની હિમધવલ દાઢી પર થઈને આંસુઓ ટપકવા લાગતા.

[12] **[2011-2012]&[2014-2015]**

વ્યાયામ પ્રત્યે આપણે પાર વિનાનું દુર્લક્ષ સેવીએ છીએ તેનું ખરાબ પરિણામ એ આવ્યુ છે કે આપણા યુવક – યુવતીઓ તંદુરસ્તીની ખૂશ્બુ ગુમાવી ગેઠાં છે. એમના નિર્માલ્ય નિસ્તેજ ચહેરા પર બનાવટી હાસ્ય જરાયે શોભતું નથી. રમત – ગમતના ક્ષેત્રે યુવાનોએ જયારે વિશ્વવિક્રમો સ્થાપવા જોઈએ ત્યારે આપણા યુવાનો સાયકલ ચલાવતાં પણ હાંફી જાય છે. આજે જયારે વિશ્વભરની શાળા – મહાશાળાઓમાં શારીરિક શિક્ષણ પર ખૂબ જ ધ્યાન અપાઈ રહ્યું છે ત્યારે આપણે જો વ્યાયામ પ્રત્યે બેદરકારી રાખીશું તો ભાવિ પેઢીને એટલું બધું નુકસાન થશે કે એનું વળતર લાખો – કરોડો રૂપિયાથી પણ ભરપાઈ નહિં થઈ શકે.

પ્રશ્નો :

(૧)વ્યાયામ પ્રત્યે દુર્લક્ષ સેવવાથી શું પરિણામ આવ્યું છે ?

(અ)યુવક – યુવતીઓ આળસુ બન્યા છે.

(બ)યુવક – યુવતીઓ ડરપોક બની ગયાં છે.

(ક)યુવક – યુવતીઓ તંદુરસ્તીની ખૂશ્બુ ગુમાવી બેઠાં છે.

(૨)આપણાં યુવક – યુવતીઓના ચહેરા કેવા લાગે છે ?

(અ) શૃંગાર પ્રસાધનો વડે ચમકતા.

(બ)પરિશ્રમના પરસેવાથી સ્નિગ્ધ બનેલા.

(ક)નિર્માલ્ય, નિસ્તેજ અને બનાવટી હાસ્યથી વિરૂપ બનેલા.

(૩)રમત – ગમતના ક્ષેત્રે યુવાનોએ શું કરવું જોઈએ ?

(અ)હરીફાઈમાં ભાગ લેવો જોઈએ.

(બ)હરીફાઈથી દૂર રહેવું જોઈએ.

(ક)વિશ્વવિક્રમો સ્થાપવા જોઈએ.

(૪)વિશ્વભરમાં કેળવણીના કયા પાસા પર ધ્યાન અપાઈ રહ્યું છે ?

(અ) માહિતી મેળવવા પ્રત્યે.

(બ)શારીરિક શિક્ષણ પ્રત્યે.

(ક)અર્થપ્રાપ્તિનાં સાધનો પ્રત્યે.

(૫)કરોડો રૂપિયાથી પણ ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન શાને લીધે સંભવિત છે ?

(અ)ઈન્ફોર્મેશન ટેકનોલોજીને કેળવણીમાં પ્રાધાન્ય ન આપવાથી.

(બ)કેળવણીમાં કળા – કારીગીરીના અભ્યાસને અવગણવાથી.

(ક)વ્યાયામ પ્રત્યે બેદરકારી દાખવવાથી.

[13] **[2012-2013]**

વિચારના અપાર સામર્થ્ય વિશે બહુ જ થોડા મનુષ્યો સજાગ હોય છે. અત્યંત એકાગ્રતાપૂર્વક કરેલો પ્રબળ વિચાર અસાધ્ય લાગતાં કાર્યોને પણ સિદ્ધ કરી શકે છે. એ જ રીતે લાંબા સમય સુધી સેવેલો એકનો એક વિચાર પણ કાર્ય સિદ્ધિ કરવા સમર્થ બને છે. મનુષ્યે સેવેલા વિચારો જ તેમના સુખી અથવા દુઃખી થવાના કારણરૂપ હોય છે. "મન જ મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ છે", આ ઉકિત બહુ પ્રસિદ્ધ છે. આમ હોવાથી સુખી અથવા દુઃખી થવું એ આપણા પોતાના જ હાથમાં છે.

પ્રશ્નો :

(૧)શેના વિશે બહુ જ થોડા માણસો સજાગ હોય છે ?

(અ)વિચારોની પરિપકવતા વિશે.

(બ)વિચારોની ચંચળતા વિશે.

(ક)વિચારના અપાર સામર્થ્ય વિશે.

(૨)અસાધ્ય લાગતાં કાર્યો કોણ સિદ્ધ કરી શકે છે ?

(અ)એકાગ્રતાપૂર્વક કરેલો પ્રબળ વિચાર.

(બ)ધ્યાન દરમ્યાન કરેલો સંકલ્પ.

(ક)કોઈએ આપણા મન પર ઠસાવેલો વિચાર.

(૩)કાર્ય સિદ્ધ કરવામાં બીજા કેવા પ્રકારનો વિચાર સમર્થ બને છે ?

(અ)વહેલી સવારે ઉઠીને કરેલો વિચાર.

(બ)રાત્રે સૂતી વખતે કરેલો વિચાર.

(ક)લાંબા સમય સુધી સેવેલો એકનો એક વિચાર.

(૪)મનુષ્યનું સુખી અથવા દુ:ખી થવાનું કારણ શું હોય છે ?

(અ)મનુષ્યનાં કર્મો.

(બ)તેણે સેવેલા વિચારો.

(ક)મનુષ્યનું નસીબ.

(૫)મન વિશે કઈ ઉકિત પ્રસિદ્ધ છે ?

(અ)મન બહુ ચંચળ છે ?

(બ)મન જ મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ છે.

(ક)મન પર કાબૂ મેળવવો તે મનુષ્યનું પ્રથમ કર્તવ્ય છે.

અથવા

(૫)સુખી અથવા દુ:ખી થવાનું કોના હાથમાં છે ?

(અ) માણસને મળેલા સંજોગોના હાથમાં.

(બ)તેના પોતાના હાથમાં

(ક)તેના મનના હાથમાં.

[14] **[2013-2014](A)**

મનુષ્યે વર્તમાનમાં ખંતપૂર્વક કાર્ય કરતા રહેવું જોઈએ. પરિણામ અવશ્ય મળવાનું જ છે. પણ મનુષ્ય વર્તમાનમાં કયારે સતત કાર્યરત રહી શકે ? જો મનુષ્યને પોતાના કાર્યથી આહ્‌લાદક આનંદ મળતો હોય તો જ તે વર્તમાનમાં નિરંતર અત્યંત ઉત્સાહથી કાર્ય કરી શકે. આ રીતે કરેલું કાર્ય મનુષ્યને અસાધારણ સફળતા અપાવી શકે છે. સફળતા એ આનંદ અને ઉત્સાહની જનની નથી, પણ આનંદ અને ઉત્સાહપૂર્વક વર્તમાનમાં કરેલ કાર્ય એ સફળતાની ગેરન્ટી છે. તમે નિષ્ફળ લોકોને જોશો તો અવશ્ય પ્રતીતિ થશે કે તેઓ જે કાર્ય કરતા હતા તેમાં તેમને આનંદ મળતો  નહોતો. કાર્ય દ્વારા આનંદ મળવો એ જ સફળતાનું સાચું રહસ્ય છે.

પ્રશ્નો :

(૧)મનુષ્ય વર્તમાનમાં નિરંતર ઉત્સાહથી કયારે કાર્ય કરી શકે ?

(અ)તેને એ કાર્યમાં રસ પડતો હોય ત્યારે.

(બ)કોઈ તેને એ કાર્ય માટે પ્રોત્સાહિત કરે ત્યારે.

(ક)તેને કાર્યમાં આહ્‌લાદક આનંદ મળતો હોય ત્યારે.

(ડ)જો તેને એ કાર્ય કરવાનું મન હોય તો.

(૨)મનુષ્યને કાર્યમાં અસાધારણ સફળતા કયારે મળી શકે ?

(અ)તે ઉત્સાહપૂર્વક કાર્ય કરે ત્યારે.

(બ)તેને એ કાર્યમાં આનંદ મળતો હોય ત્યારે.

(ક)તેણે સખત મહેનત કરી હોય ત્યારે.

(ડ)તે કાર્ય કરવામાં રસ લે ત્યારે.

(૩)સફળતા શું પેદા નથી કરી શકતી ?

(અ)આનંદ

(બ)ઉત્સાહ

(ક)આનંદ અને ઉત્સાહ

(ડ)ગૌરવશાળી ભવિષ્ય

(૪)મનુષ્યને કયારે કાર્યમાં નિષ્ફળતા મળે છે ?

(અ)તેણે  ધ્યાનપૂર્વક કાર્ય ન કર્યુ હોય, ત્યારે.

(બ)તેની પાસે પરાણે કાર્ય કરાવાય ત્યારે.

(ક)તેને એ કાર્યમાં આનંદ ન પડતો હોય ત્યારે.

(ડ)તેને કાર્યમાં રસ જ ન પડતો હોય ત્યારે.

(૫)સફળતાનું સાચું રહસ્ય શું છે ?

(અ) સતત મહેનત કરવી.

(બ)ખંતપૂર્વક કાર્ય કરવું.

(ક)ઉત્સાહથી કાર્ય કરવું.

(ડ)કાર્ય દ્વારા આનંદ મળવો.

[15] **[2013-2014](B)**

**એક અરીસા ઉપર જો કચરો અને ધૂળ જામી ગયાં હોય, તો તેમાં આપણું પ્રતિબિંબ જોઇ શકાતું નથી; તે જ રીતે અજ્ઞાન અને દુષ્ટતા આપણા હૃદયના અરીસા ઉપર કચરા અને ધૂળ સમાન છે. જેમાં આપણે આપણી જાતનો જ સૌથી પ્રથમ વિચાર કરીએ છીએ તે સ્વાર્થપણું એ મોટામાં મોટું પાપ છે. જે એમ વિચારે છે કે, "હું પહેલાં ખાઈ લઈશ, હું બીજાં કરતાં વધુ ધન મેળવીશ. અને બધું  મારી પાસે જ રાખીશ." તેવા લોભી માણસો સ્વાર્થી છે. જે એમ વિચારે છે કે બીજાંની પહેલાં હું સ્વર્ગે જઇશ, બીજાંની પહેલાં હું મુકિત મેળવીશ, તે મનુષ્ય સ્વાર્થી છે. નિસ્વાર્થ મનુષ્ય કહે છે, "હું છેલ્લો રહીશ; હું સ્વર્ગમાં જવાની કરતાં નરકે જવાથી પણ મારા ભાઈઓને મદદરૂપ થઈ શકું તો હું નરકે જવા પણ તૈયાર છું." આવી નિસ્વાર્થવૃતિ જ ધર્મની સાચી કસોટી છે.**

પ્રશ્નો :

(૧)લેખક શેને  હૃદયના અરીસા પર જામેલ ધૂળ – કચરો માને છે ?

(અ)ઈર્ષ્યા અને અસૂયાને

(બ) અભિમાનને

(ક)  અજ્ઞાન અને દુષ્ટતાને

(ડ)  દુરાચારને

(૨)લેખકના મતે મોટાંમાં મોટું પાપ શું છે ?

(અ) દુષ્કર્મો આચરવા.

(બ) કોઈની નિંદા કરવી.
(ક) કોઈનું અપમાન કરવું.
(ડ) સ્વાર્થી બનવું.

(૩)કેવા લોભ માણસને સ્વાર્થી બનાવે છે ?
(અ)સૌથી પહેલાં ભોજન કરી લેવાની વૃતિ.
(બ) સૌથી વધુ ધન કમાવાની વૃતિ.
(ક) ધન – સંચયની વૃતિ.
(ડ) સૌથી પહેલું ખાઈ લેવું, સૌથી વધુ કમાઈ લેવું અને બધું ધન પોતાના માટે જ રાખી લેવું તેવા લોભ.

(૪)બીજાંને પાછળ રાખીને સ્વર્ગ અને મુકિતની ઈચ્છા રાખનાર કેવો ગણાય ?
(અ)મોક્ષાર્થી
(બ) ધાર્મિક
(ક) સ્વાર્થી
(ડ) અજ્ઞાની

(૫)લેખકના મતે ધર્મની સાચી કસોટી શી છે ?
(અ) જાતે કષ્ટ વેઠીને પણ બીજાંને મદદ કરવાની વૃતિ.
(બ) સ્વર્ગ મેળવવાની આકાંક્ષા રાખવી.
(ક) મોક્ષ પ્રાપ્તિ માટે કર્મો કરવા.
(ડ) સ્વર્ગે જવાની દરકાર રાખ્યા વિના ભાઈઓને મદદરૂપ થઈ શકાતું હોય તો નરકે પણ જવા તૈયાર હોય તેવી નિસ્વાર્થતા.

[16] **[2014-2015](B)**

ભાષા અને સંસ્કૃતિ એકબીજીની સાથે એવી તો સંકળાયેલી છે કે એક જાય તો બીજી જાય. ભાષા એ સંસ્કૃતિનું તટસ્થ વાહન નથી; એની સાથે ઓતપ્રોત છે, વણાયેલી છે, એક થયેલી છે. આર્યસંસ્કૃતિ આર્યભાષાઓમાં જ ટકે. એક પ્રયોગ કરવો હોય તો ગીતાજીના 'સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો' લઈને એનું અંગ્રેજી ભાષાંતર વાંચો. બોલો, તમારું દિલ એમાં બેઠુ ? ભકિત જાગી ? ધ્યાન લાગ્યુ ? 'સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો' તમે ગુજરાતીમાં વાંચો(અને સંસ્કૃત આવડે તો સંસ્કૃતમાં બોલો) ત્યારે દિલમાં અનેરા આનંદ, શાંતિ અને સાત્વિકતાનો અનુભવ કરો છો. અંગ્રેજી વાચો ત્યારે એવું કશું લાગતું નથી. ભાષાનો પ્રભાવ છે. ભાષાનું જોર છે જે સંસ્કૃતિમાંથી આવે છે, જે તેની સાથે એકરૂપ થયેલી હોય છે. માટે એ જો જાય તો એના સંસ્કારો પણ ઘસડીને લઈ જાય. ભાષા ઊપડે તો પોતાનો સામાન લઈને ઊપડે; અને ભાષાનો સામાન એટલે સંસ્કૃતિ. ગુજરાતી ભાષા જાય તો ભારતીય સંસ્કૃતિને પણ સાથે લઈ જાય. એ કંઈ ઓછું જોખમ નથી.

પ્રશ્નો :

(૧)ભાષા અને સંસ્કૃતિ પરસ્પર કેવી રીતે સંકળાયેલી છે ?
(અ)ગૂઢ રીતે
(બ)સહિરરૂપે
(ક)એક જાય તો બીજી જાય.
(ડ)તટસ્થ રૂપે

(૨)'સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો'નું અંગ્રેજી વાંચતાં કેવું લાગે ?
(અ)ભકિત જાગી જાય.

(બ)મજા આવી જાય.
(ક) ધ્યાન લાગી જાય.
(ડ)ભકિત ન જાગે, ધ્યાન ન લાગે.

(૩)'સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો'નું ગુજરાતી કે સંસ્કૃત વાંચતા કેવું લાગે ?
(અ)દિલમાં ઉચાટનો અનુભવ થાય.
(બ)દિલમાં આનંદ – સાત્વિકતાનો અનુભવ થાય.
(ક)દિલમાં આનંદના ફુવારા છૂટે.
(ડ)દિલમાં સંસ્કૃત વસી જાય.

(૪)વ્યકિતની ભાષા ચાલી જાય ત્યારે તેને શું નુકસાન થાય છે ?
(અ)ભાષાની સાથે સંસ્કૃતિ ને સંસ્કારો પણ ચાલ્યા જાય છે.
(બ)ભાષાની સાથે નવા અર્થો પણ જાય છે.
(ક)ભાષાની સાથે આનંદ પણ જાય છે.
(ડ)ભાષાની સાથે કશું જતું નથી.

(૫)ભાષાનો સામાન ............................ છે.
(અ)વ્યાકરણ
(બ)સંસ્કૃતિ
(ક)પ્રકૃતિ
(ડ)શબ્દો

[17] **[2015-2016](A)**

આ દેશનું અધ્યાત્મ વૃદ્ધોની નહીં, જુવાનોની ચીજ રહી છે. ઋષિકેશે જીવનના કુરુક્ષેત્રમાં અપૂર્વ અધ્યાત્મનો પાંચજન્ય શંખ ફૂંકયો ત્યારે તે વૃદ્ધ નહીં, યુવાન હતા. તે હતા ભારતની તરુણાઈના સારથી. પોતાની પ્રિયાની ગોદમાં નવજાત રાહુલને સૂતેલો છોડીને સિદ્ધાર્થ અદ્વિતીય ક્રાંતિપથ પર ચાલી નીકળ્યા હતા. ત્યારે તે વૃદ્ધ નહીં યુવાન હતા. અદ્વૈતના અનન્યતમ શોધક શંકરે જયારે દિગ્વિજયયાત્રા કરી ત્યારે તે વૃદ્ધ નહીં યુવાન હતા. શિકાગોના રંગમંચ પર વિવેકાનંદે વેદાંતના સાર્વભોમ ધર્મનો ઉદ્‌ઘોષ કર્યો ત્યારે તેઓ વૃદ્ધ નહીં યુવાન હતા. દક્ષિણ આફ્રિકાના રંગભેદના દાવાનળમાં કૂદીને અધ્યાત્મનો આગ્નેય પ્રયોગ ગાંધીએ કર્યો ત્યારે તેઓ વૃદ્ધ નહીં યુવાન હતા. મિત્રો ! અધ્યાત્મ બુઢાપાનું લક્ષણ નથી. પણ તરુણાઈની ઊંચેરી છલાંગ છે.

પ્રશ્નો :

(૧)વેદાંતના સાર્વભૌમનો ઉદ્‌ઘોષ કોણે કર્યો ?
(અ)ગાંધીજીએ
(બ) ઋષિકેશ
(ક)વિવેકાનંદે

(૨)ભારતની તરુણાઈના સારથિ કોણ હતા ?
(અ)ઋષિકેશ
(બ)સિદ્ધાર્થ
(ક)શંકર

(૩) અદ્વૈતના અનન્યતમ શોધકે કઈ યાત્રા કરી ?
(અ)ક્રાંતિયાત્રા

(બ)વિજયયાત્રા
(ક)દિગ્વિજયયાત્રા
(૪) અધ્યાત્મ શેનું લક્ષણ નથી ?
(અ)બુઢાપાનું
(બ)યુવાનીનું
(ક)બાળવયનું
(૫)ઉપરોક્ત ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.
(અ)પાંચજન્ય શંખ
(બ)તરુણોના રથના સારથિ – યુવાનો
(ક) અધ્યાત્મ રથના સારથિ – યુવાનો

[18] **[2015-2016](B)**

**સંપૂર્ણ સ્વસ્થ મનુષ્ય લાંબું આયુષ્ય ભોગવે છે અને બિમાર વ્યકિત ઓછું જીવે છે, એવું નથી. આપણે જાણીએ છીએ કે મૃત્યુ અચાનક જ આવી જાય છે. માણસે પોતાનું કાર્ય મન લગાડીને, ધ્યાનપૂર્વક, પૂરી નિસબતથી કરવું જોઈએ. વધુ કામ કરવાથી દીર્ઘાયુ થઈ શકાય છે. દુઃખી અને રોગી વ્યકિત પણ જીવનમાં મહાન કાર્ય કરી શકે છે. આપણે નિવૃત વ્યકિતઓ પાસેથી એવું સાંભળતા આવ્યા છીએ કે 'મારે કામ તો કરવું જ પડશે.' કામ એ જીવનની પ્રવૃતિ છે જો કામમાં મન ન લાગે તો જીવન નકામું બની જાય છે. સાંઠ – પાંસઠની ઉંમરના કેટલાય લોકો ઉત્સાહથી કામ કરે છે. જીવનને સરસ, અર્થપૂર્ણ અને ઉપયોગી બનાવવું હોય તો એ ધ્યાનમાં રાખી લો કે પ્રવૃતિ એ જ જીવન છે. નિવૃતિ મૃત્યુ સમાન છે.**

પ્રશ્નો :
(૧)દીર્ઘાયુની બાબતમાં લેખકે શું કહ્યું છે ?
(અ)બીમાર વ્યકિત ઓછું જીવે છે.
(બ)વધુ કામ કરનારી વ્યકિત વધુ જીવે છે.
(ક)સ્વસ્થ મનુષ્ય વધુ જીવે છે.
(૨)પ્રવૃતિ વિશે લેખક શું માને છે ?
(અ)કામ એ જીવનની પ્રવૃતિ છે.
(બ)પ્રવૃતિ એ જ જીવન છે.
(ક)મન લગાડીને કામ કરો.
(૩)માણસે પોતાનું કાર્ય કેવી રીતે કરવું જોઈએ ?
(અ)મન લગાડીને
(બ)પૂરી નિસબતથી
(ક)બંનેથી
(૪)નિવૃતિ વિશે લેખક શું માને છે ?
(અ)નિવૃતિ મૃત્યુ સમાન છે.
(બ)નિવૃતિ જીવન સમાન છે.
(ક)નિવૃતિ મૃત્યુ સમાન નથી.
(૫)ઉપરોક્ત ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.
(અ)નિવૃતિમાં પ્રવૃતિ નથી.

(બ) પ્રવૃતિમાં નિવૃતિ નથી.
(ક)પ્રવૃતિ અને નિવૃતિ

**[C] નીચેની કવિતા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબનો વિકલ્પ શોધી સાચો જવાબ લખો.** 05

[1] પ્રભુ ! મને પથ્થર ઘડજે રે, નથી મારે હીરલો થાવું રે,

હીરો બની મારે પેટીપટારે રૂંધી ન મરવું તેજ
પ્રભુ મને તેજ ન દેજે રે, પ્રભુ ! મને પથ્થર ઘડજે રે,
પથ્થર ઘડજે ને કયાંય પટકજે નદી સરોવર તીર,
મને સૌ પીડતું છોને રે, પ્રભુ ! મને પથ્થર ઘડજે રે,
હીરો બની કોઈ એક જ નર કે નારીનો થાઉં દાસ,
પથ્થર થઈ પૃથ્વીની સેવા રે, કરી મારે લ્હાવ લેવા રે.
તેજ હીરામાં ને ઝેર હૃદયમાં ગમતું મને ના એમ;
પ્રભુ ! મને પથ્થર ઘડજે રે, ઘડી મન ફાવે ત્યાં ધરજે રે.

પ્રશ્નો :

(૧)કવિ શું બનવાની ઈચ્છા ધરાવે છે ?

(અ)ધૂળ

(બ)માટી

(ક)પથ્થર

(૨)કવિને શું નથી થાવું ?

(અ)પહેલવાન

(બ)હીરલો

(ક)વીરલો

(૩)કવિ હીરો બને તો શેમાં રૂંધાઈને મરવુ પડે ?

(અ)પેટીપટારામાં

(બ)જેલમાં

(ક)કબાટમાં

(૪)પથ્થર ઘડાયા પછી કવિને કયાં પટકાવું છે ?

(અ)ધોબીઘાટ

(બ)નદી સરોવર તીર

(ક)કુવામાં

(૫)પથ્થર થઈને કવિને કોની સેવા કરવી છે ?

(અ)દેશની

(બ)માબાપની

(ક)પૃથ્વીની

[2] શું રે કરવું છે મારે, શું રે કરવું છે રે

હીરા માણેકને મારે શું કરવું

મોતીની માળા રાણા શું કરવી છે રે;
તુલસીની માળા લઈને, પ્રભુ ભજવું છે રે
હીરના ચીર રાણા શું કરવા છે રે;
ભગવી ચીંથરીઓ પહેરી, મારે ફરવું છે રે
મહેલ ને માળ રાણા શું કરવા છે રે ?
જંગલઝૂપડીએ જઈને, મારે વસવું છે રે
બાઈ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ રે
અમર ચૂડલો લઈને મારે મરવું છે રે

*– મીરાંબાઈ*

[1] આ કાવ્ય કોણે લખ્યું છે ?
(અ)મીરાંબાઈ
(બ) પ્રેમાનંદ
(ક)નરસિંહ મહેતા
(ડ)નર્મદ

[2] કાવ્ય લખનારને શું લઈને પ્રભુને ભજવા છે ?
(અ)મંજીરા
(બ)તુલસીની માળા
(ક)પ્રસાદ
(ડ)અગરબતી

[3] મીરાંબાઈને શું પહેરીને ફરવુ છે ?
(અ)સાદા વસ્ત્રો
(બ) કસુંબી રંગની સાડી
(ક)ભગવી ચીંથરીઓ
(ડ)ભગવો વેશ

[4] કાવ્ય લખનારને કયાં જઈને વસવું છે ?
(અ)એકાંત સ્થળે
(બ) ગુફામાં
(ક)હિમાલયે
(ડ) જંગલઝૂપડીએ

[5] અમર ચૂડલો લઈને મીરાંબાઈને શું કરવું છે ?
(અ)તરવું છે.
(બ)મરવું છે.
(ક)શણગાર સજવો છે.
(ડ)અમર થઈ જવું છે.

[3] **[2013-2014]**

કોણ કહે છે ?

આ ધરતી પર કયાંય કશે ભગવાન નથી !
કોણ કહે છે ?
આ અવનિ પર ઈશ્વરનાં એંધાણ નથી !
રાતદિવસને સાંજસવારો
સદા નિયમસર આવે છે,
સૂરજ – ચાંદો નિયમિત જગને તેજ થકી બહલાવે છે.
ચોમાસાનાં જલવર્ષા ને
વસંત રૂપ તણી રાણી,
ટાઢ શિયાળે, તાપ ઉનાળે –
ઋતુઓની કેવી લ્હાણી !
જીવન કેરાં અમૃત જેવાં
જળનાં મૂલ્ય અમૂલ્ય હો !
ધરતી માતા ધાન્ય ઉગાડે,
એ ઉપકાર અતુલ્ય, અહો !
એકધારું ને અણઅટકંતુ
અનંત આયોજન આવુ,
વિરાટને આંગણિયે જેણે
નિત્ય નવું છે સરજાવ્યુ,
અંતર્યામી એ ઈશ્વરની
આ સહુ ઓળખાણ નથી ?
પાય પડું ના કહેશો કો'દિ
'કયાંય ભગવાન નથી !'

પ્રશ્નો :

(૧) કાવ્યમાં કોની હાજરીનો ઉલ્લેખ થયો છે ?

(અ) માનવીની

(બ)ઈશ્વરની

(ક) અસુરોની

(ડ)રાક્ષસોની

(૨) સૂરજ – ચંદ્ર કયું કાર્ય કરી રહ્યા છે ?

(અ) ઉગવા – આથમવાનું

(બ)દિવસ – રાત પાડવાનું

(ક)પોતાના તેજ વડે જગતને બહેલાવવાનું

(ડ)તાપ અને શીતળતા ફેલાવવાનું

(૩) કવિ ઋતુઓની કઈ લ્હાણીની વાત કરે છે ?

(અ)જલવર્ષાની લ્હાણી

(બ)જલવર્ષા અને ટાઢની લ્હાણી

(ક) ટાઢ અને તાપની લ્હાણી

(ડ)જલવર્ષા, વસંતનું પ્રાકૃતિક સૌંદર્ય અને ટાઢ અને તાપની લ્હાણી

(૪) મનુષ્યને મળતાં જળ કવિને કેવાં લાગે છે ?

(અ) અમૂલ્ય

(બ)દુર્લભ

(ક) જીનના અમૃત જેવાં

(ડ)તરસ છીપાવે તેવાં

(૫) કાવ્ય મારફત કવિ શું કહેવા માગે છે ?

(અ) ધરતી પર જીવન જીવવા જેવું છે.

(બ)કુદરત મનુષ્ય માટે વરદાન સમાન છે.

(ક) પ્રકૃતિનાં ગુણગાન

(ડ)અહીં ધરતી પર સર્વત્ર ભગવાન છે એમ કહેવા માગે છે.

[4] **[2014-2015]**

કોણે કીધું ગરીબ છીએ ? કોણે કીધું રાંક ?
કાં ભૂલી જા મન રે ભોળા ! આપણાં જુદા આંક.

થોડાક નથી સિક્કા પાસે, થોડીક નથી નોટ;
એમાં તે શું બગડી ગયું ? એમાં તે શી ખોટ ?

ઉપરવાળી બેન્ક બેઠી છે, આપણી માલંમાલ,
આજનું ખાણું આજ આપે ને કાલની વાતો કાલ.

ધૂળિયે મારગ કૈં મળે જો આપણા જેવો સાથ,

સુખદુઃખોની વારતા કે'તા બાથમાં ભીડી બાથ.

સોનાની તો સાંકડી ગલી, હેતુ ગણતું હેત,
દોઢિયાં માટે દોડતાં એમાં, જીવતાં જોને પ્રેત !

માનવભાળી અમથું અમથું આપણું ફોરે વ્હાલ;
નોટ ને સિક્કા નાખ નદિમાં, ધૂળિયે મારગ ચાલ !
પ્રશ્નો :

(૧) કવિ પાસે શું નથી ?

(અ) નોટ અને સિક્કા

(બ)આંક

(ક) પૈસા

(ડ)ગરીબી

(૨) 'રાંક' શબ્દનો અર્થ ............થાય.

(અ) રૈયત

(બ)જીવન

(ક) ગરીબ

(ડ)દિન

(૩) 'ઉપરવાળી બેન્ક' એટલે શું ?

(અ) ઉપર રહેનાર માણસ

(બ)મંદિરમાં વસનાર ઈશ્વર

(ક) જંગલમાં વસનાર જાનવર

(ડ)માણસમાં રહેનાર રાક્ષસ

(૪) સોનાની ગલી કેવી છે ?

(અ) પહોળી

(બ)સાંકડી

(ક) જોરદાર

(ડ)ઝળહળતી

(૫) કાવ્યના આધારે કવિ નોટ અને સિક્કા કયાં નાંખવાનું કહે છે ?

(અ) સરોવરમાં

(બ)સરિતામાં

(ક) સાગરમાં

(ડ)નદીમાં

[4] **[2015-2016]**

બજે જયાં બીન બાજું ત્યાં, મૃગો ભોળા જજો નહીં,
વીંધાવું બાણથી કરતા, મજા છે દૂર રહેવામાં.
પતંગો તો નહીં સમજે, અગર સમજે તો કહી દેજો,
દીપકમાં દાઝવા કરતા, મજા છે દૂર રહેવામાં.
કોમલ કમલીના પર્ણે, ભ્રમર બિડાય છે જુઓ,
સુગંધી લૂંટવા કરતા, મજા છે દૂર રહેવામાં.
બિચારું માછલું કેવું બન્યું રસાસ્વાદમાં ઘેલું,
રસોને ચાખવા કરતા, મજા છે દૂર રહેવામાં.
સુંવાળા સ્પર્શથી મોહી, ગુમાવ્યા પ્રાણ માતંગે
પુરાવું પિંજરે કરતા, મજા છે દૂર રહેવામાં.

**પ્રશ્નો :**

(૧)કાવ્યમાં મૃગને શેની સલાહ આપવામાં આવી છે ?

(અ)ભોળા રહેવાની

(બ)બીન વાગે ત્યાં ન જવાની

(ક)બીન વાગે ત્યાં જવાની

(૨)માછલું શેમાં મોહ પામે છે ?

(અ)રસાસ્વાદમાં

(બ)સંગીત સાંભળવામાં

(ક)સુગંધીમાં

(૩)'ભ્રમર' શેમાં બિડાય છે ?

(અ)ગુલાબનાં પર્ણોમાં

(બ)પારીજાતનાં પર્ણોમાં

(ક)કમળનાં પર્ણોમાં

(૪)'સુંવાળુ' શબ્દનો સમાનાર્થી શબ્દ ................. થાય

(અ)કોમળ

(બ)કઠોર

(ક)સહેલું

(૫)કવિ મજા શેમાં માને છે ?

(અ)ફરવા જવામાં

(બ)પ્રકૃતિને માણવામાં
(ક)દૂર રહેવામાં

## Section : B : Writing (10 Marks)

**2. (A) ફકરા લેખન**

[1] 'હડતાલનો રોગચાળો' વિષય પર આશરે 15 વાકયોમાં પરિચ્છેદ લખો. **[2007-2008]** 5

[2] 'ગુજરાતની જીવાદોરી – નર્મદાયોજના' વિષય પર આશરે 15 વાકયોમાં પરિચ્છેદ લખો. **[2008-2009]** 5

[3] 'જ્ઞાતિવાદ' વિષય પર આશરે 15 વાકયોમાં પરિચ્છેદ લખો. **[2009-2010]** 5

[4] 'જીવનમાં પ્રકૃતિનું મહત્વ' વિષય પર આશરે 15 વાકયોમાં પરિચ્છેદ લખો. **[2013-2014]** 5

[5] 'એ શિક્ષકને હું ભૂલીશ નહિ' વિષય પર આશરે 15 વાકયોમાં પરિચ્છેદ લખો. **[2014-2015]** 5

[6] 'શિક્ષણમાં પ્રવાસનું સ્થાન' વિષય પર આશરે 15 વાકયોમાં પરિચ્છેદ લખો. **[2015-2016]** 5

**2. (B) પત્રલેખન(અંગત)**

[1] વિદેશમાં વસતા તમારા ભાઈને અહિ ઘરની પરિસ્થિતિ વિષે પત્ર લખો.**[2001-2002]** 5

[2] તમે આતંકવાદી હુમલામાં ફસાઈ ગયેલા પરંતુ બચી ગયા તેનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.
**[Has been asked in board but year is not availabel]** 5

[3] તેમે દુષ્કાળ રાહતના કેમ્પમાં જોડાવા ઈચ્છો છો તે વિશે તમારા પિતાશ્રીને પત્ર લખો.**[2005-2006]** 5

[4] વિદેશ અભ્યાસ કરવા જતા મિત્રને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવતો પત્ર લખો.**[2000-2001]** 5

[5] તમે કોલેજમાં આર્ટસમાં અભ્યાસ શા માટે કરવા માગો છો તેનાં કારણો જણાવતો પત્ર તમારા પિતાશ્રીને લખો.
**[Has been asked in board but year is not availabel]** 5

[6] (પ્રાસાંગિક પત્ર હોવાથી ફરીથી પુછાવાની શકયતા નહિવત છે)

[7] તમે સન્યાસી થવા ઈચ્છો છો તે માટે અનુમતિ માંગતો પત્ર તમારા માતા – પિતાને લખો.**[2006-2007]** 5

[8] <u>'સારેગમ'ની હરિફાઈમાં પ્રથમ સ્થાન મળવા બદલ તમારી બહેનને પ્રશંસાપત્ર લખો.</u>**[2007-2008]** 5

[9] (પ્રાસાંગિક પત્ર હોવાથી ફરીથી પુછાવાની શકયતા નહિવત છે)**[2008-2009]** 5

[10] <u>સા – રે – ગ – મની સંગીત સ્પર્ધામાં તમારી બહેન પ્રથમ આવી હોવાથી તેને અભિનંદન અને ભાવિ શુભેચ્છા દર્શાવતો પત્ર લખો.</u>**[2009-2010]** 5

[11] 'વાંચે ગુજરાત' અભિયાનમાં તમે વાંચેલ પુસ્તક વિશે તમારા મિત્રને પત્ર લખો.**[2010-2011]** 5

[12] <u>પરીક્ષાના ભયથી મુકત થવા પ્રોત્સાહન આપતો પત્ર તમારી નાની બહેનને લખો.</u>**[2011-2012]** 5

[13] તમારા રાજયનો કેવો વિકાસ થયો છે તેની માહિતી આપતો પત્ર તમારા મિત્રને લખો.**[2012-2013]** 5

[14] વૃક્ષોની જાળવણીનું મહત્વ સમજાવતો પત્ર તમારા મિત્રને લખો.**[2013-2014]** 5

[15] <u>પરીક્ષામાં નાપાસ થવાનો ડર દૂર કરી, હિંમત આપવા તમારા મિત્રને પત્ર લખો.</u>**[2014-2015]** 5

*(અંડર લાઈન કરેલા પત્રો જે તે વર્ષે રીપીટ થયેલા પત્રો છે.)*

[16] તમારો મિત્ર 'કૌન બનેગા કરોડપતિ'માં પસંદગી પામ્યો છે, તેને અભિનંદન આપતો પત્ર લખો.
**[2015-2016]** 5

**અથવા**

**પત્રલેખન(બિન – અંગત)**

[1] પિતાની માંદગીને કારણે તમે શાળામાં નિયમિત જઇ શકતા નથી તે માટે તમારા શાળાના આચાર્યની રજા માંગતો પત્ર લખો.**[2001-2002]**

[2] તમારી બહેનના લગ્ન હોવાથી પાંચ દિવસની રજા માટે તમારા અધિકારીને અરજી લખો.**[Has been asked in board but year is not availabel]**

[3] ધરતકંપ પડિતો માટેના કેમ્પમાં સ્વયંસેવક તરીકે જોડાવાની અરજી કેમ્પના અધિકારીને લખો.**[2005-2006]**

[4] અતિવૃષ્ટિને કારણે તમારા ઘર – ગલીઓમાં પાણી ભરાઇ ગયાં છે, તેનો નિકાલ લાવવા માટે મ્યુનિસિપલ કમિશ્નરને અરજી લખો.**[2000-2001]**

[5] પુસ્તકવિક્રેતાને તમને જોઇતાં પુસ્તકો મોકલી આપવાનો ઓર્ડર લખો.**[Has been asked in board but year is not availabel]**

[6] (પ્રાસાંગિક પત્ર હોવાથી ફરીથી પુછાવાની શકયતા નહિવત છે)

[7] તમારા અભ્યાસ માટે જરૂરી પુસ્તકો માટે પુસ્તકવિક્રેતાને ઓર્ડર લખો.**[2006-2007]**

[8] 'સારેગમ'ના આયોજકોને સ્પર્ધામાં થતી ગેરરીતિઓ દૂર કરવા જરૂરી સૂચનો આપતો પત્ર લખો.**[2007-2008]**

[9] (પ્રાસાંગિક પત્ર હોવાથી ફરીથી પુછાવાની શકયતા નહિવત છે) **[2008-2009]**

[10] તમારું પાણીનું બિલ ભરાઇ ગયું હોવાં છતાં બીજીવાર આવ્યું છે, તો યોગ્ય અધિકારીને યોગ્ય કરવા અરજી લખો.**[2009-2010]**

[11] તમને ગમતાં પુસ્તકો વી.પી.પી.થી મોકલી આપવા પુસ્તકવિક્રેતાને ઓર્ડર લખો.**[2010-2011]**

[12] ધ્વની – પ્રદુષણ અટકાવવા માટે યોગ્ય પગલાં લેવાનો વિનંતિ – પત્ર મ્યુનિસિપલ કમિશ્નરને લખો.**[2011-2012]**

[13] ઉત્સવમાં થતા ધ્વની – પ્રદૂષણ વિશે પોલીસ કમીશ્નરને પત્ર લખો.**[2012-2013]**

[14] અતિવૃષ્ટિથી તૂટી ગયેલા તમારા શહેરના રસ્તા તાત્કાલિક રીપેર કરાવવા માટે મ્યુનિસિપલ કમિશ્નરને પત્ર લખો.**[2013-2014]**

[15] તમારા ઘરમાં થયેલ ચોરી વિશે તપાસ કરવા પોલીસ અધિકારીને પત્ર લખો.**[2014-2015]**

[16] તમારા વિસ્તારમાં ચોરીનો ઉપદ્રવ ખૂબ વધી ગયો છે. તો તેને રોકવા પોલીસ અધિક્ષકને પત્ર લખો.**[2015-2016]**

*(અંડર લાઈન કરેલા પત્રો જે તે વર્ષે રીપીટ થયેલા પત્રો છે.)*

## Section : C : Grammar (20 Marks)

**3.** **(A)&[B]** **સૂચના પ્રમાણે વાકય પરિવર્તન કરો.** 6

*(નીચે આપેલા વાકયો વર્ષ 2000 થી 2016 દરમિયાનની બોર્ડની પરીક્ષાઓમાં પુછાયેલ છે. કેટલાક વર્ષો દરમ્યાન આ પ્રશ્ન પુછાવાનું બંધ થઈ ગયુ હતું. હકાર – નકાર – ઉદ્ગાર – પ્રશ્નાર્થ એ ચાર પ્રકારના વાકયોમાંથી ૬ માર્કસનો પ્રશ્નો પૂછાય છે અર્થાત કોઈ પણ બે પ્રકારો બે વખત પૂછાય છે.)*

[1]
૧.સચિન સારો ખેલાડી છે. (ઉદ્ગાર વાકય બનાવો)
૨.હું તમને તકલીફ આપવા ઈચ્છતો નથી.(હકારાત્મક વાકય બનાવો)
૩.કોઈ કાલે અહિ આવશે નહિ.(પ્રશ્નવાકય બનાવો)
૪.તે અહિં કાલે આવ્યો હતો.(નકારાત્મક વાકય બનાવો)
૫.શ્રૃતિ ખરેખર તકદીરવાળી હતી.(ઉદ્ગાર વાકય બનાવો)
૬.વરસાદ ન પડે તો અનાજ પાકે નહિ.(હકારાત્મક વાકય બનાવો)
૭.તેણે બધા જવાબો સાચા લખ્યા છે.(નકારાત્મક વાકય બનાવો)

[2]
૧.ક્રિકેટની રમત ધનવાનોની ગુલામ બની ગઈ છે.(ઉદ્ગાર વાકય બનાવો)
૨.મને તારી જરાય ચિંતા નથી.(હકારાત્મક વાકય બનાવો)
૩.કાલે વિભાનો જન્મદિવસ છે.(પ્રશ્નવાકય બનાવો)
૪.હું ઈચ્છું છું કે તું સાચો હોય.(નકારાત્મક વાકય બનાવો)
૫.આપણે આજે ઘણું કામ કર્યુ.(ઉદ્ગાર વાકય બનાવો)
૬.ગાજયા મેહ વરસે નહિ.(હકારાત્મક વાકય બનાવો)
૭.હું સાવ સાચું કહું છું.(નકારાત્મક વાકય બનાવો)

[3]
૧.હવે મને પરીક્ષાનો ડર નથી રહ્યો.(ઉદ્ગાર વાકય બનાવો)
૨.કઠોર માણસોના મનમાં લાગણી હોતી નથી.(હકારાત્મક વાકય બનાવો)
૩.કુદરત રૂઠે ત્યારે બધાંય લાચાર બની જાય છે.(પ્રશ્નવાકય બનાવો)
૪.રમા તદ્દન સાચું કહે છે.(નકારાત્મક વાકય બનાવો)
૫.રમત ઘણી સહેલી અને મઝાની હતી.(ઉદ્ગાર વાકય બનાવો)
૬.યુધિષ્ઠિર જૂઠું બોલે જ નહિ.(હકારાત્મક વાકય બનાવો)
૭.આપણે ઘણા વિષયમાં અજ્ઞાન હોઈએ છીએ.(નકારાત્મક વાકય બનાવો)

[4]
૧.સૂર્યાસ્તનું દૃશ્ય ખૂબ જ સુંદર હતું.(ઉદ્ગાર વાકય બનાવો)
૨.પુસ્તકોનો અનાદર કરશો નહિ.(હકારાત્મક વાકય બનાવો)
૩.આંબામાં છુપાયેલી કોયલ ટહુકે છે.(પ્રશ્નવાકય બનાવો)
૪.ભારતની લોકશાહી ભયમાં છે.(નકારાત્મક વાકય બનાવો)
૫.મહેશને અનેક મિત્રો હતા.(ઉદ્ગાર વાકય બનાવો)
૬.વાંચવા માટે ઉજાગરો કરવો યોગ્ય નથી.(હકારાત્મક વાકય બનાવો)
૭.ભારતની આર્થિક સમસ્યાઓ ગંભીર છે.(નકારાત્મક વાકય બનાવો)

[5]
૧.કાશીમાને કાબરી પર ખૂબ જ લાગણી હતી.(ઉદ્ગાર વાકય બનાવો)
૨.તેને ચિંતા થતી નથી.(હકારાત્મક વાકય બનાવો)
૩.આ સાંભળ્યા પછી કોઈ સૂઈ શકે નહિ.(પ્રશ્નવાકય બનાવો)
૪.તેનું ગણિતનું કામ અધૂરું છે.(નકારાત્મક વાકય બનાવો)
૫.તડકામાં કૂમળા ફૂલો પણ ખીલે છે.(ઉદ્ગાર વાકય બનાવો)

૬.બેલ પડવાને વધારે વાર નહોતી.(હકારાત્મક વાકય બનાવો)
૭.મારે ખરેખર જીવવું છે.(નકારાત્મક વાકય બનાવો)
[6]
૧.બાપુના કામ માટે બા ગર્વ લેતી હતી.(ઉદ્ગાર વાકય બનાવો)
૨.આના કરતા તો જુવાની ન હોય તો સારૂ.(હકારાત્મક વાકય બનાવો)
૩.કુદરત આગળ બધાય લાચાર છે.(પ્રશ્નવાકય બનાવો)
૪.ગગીફૂઈ બેચેની અનુભવતાં હતાં.(નકારાત્મક વાકય બનાવો)
૫.બે શોખીન જુવાન ફરવા નીકળ્યા.(ઉદ્ગાર વાકય બનાવો)
૬.પતી – પત્નીએ આળસમાં જવાબ આપ્યો નહિ.(હકારાત્મક વાકય બનાવો)
૭.દરિયાપીર ગાંડો થયો છે.(નકારાત્મક વાકય બનાવો)
[7]
૧.આકાશ ગમગીન દેખાય છે.(ઉદ્ગાર વાકય બનાવો)
૨.હું ખોટુ કહેતો જ નથી.(હકારાત્મક વાકય બનાવો)
૩.અમેરિકામાં મંદીનું મોજું ફરી વળ્યું છે.(પ્રશ્નવાકય બનાવો)
૪.કમુની વાત સાચી છે.(નકારાત્મક વાકય બનાવો)
૫.એના હૃદયમાં ઘણાં અરમાન હતા.(ઉદ્ગાર વાકય બનાવો)
૬.આ ખોખોની રમતમાં હું હારી ગયો છું.(હકારાત્મક વાકય બનાવો)
૭.કાબરી જીવતી નથી.(નકારાત્મક વાકય બનાવો)
૮.જોષીનું કહેવું ખોટું નહિ પડે.(હકારવાકય બનાવો)
૯.વામ ચરણમાં ઈન્દુ અચલ છે.(નિષેધવાકય બનાવો)
૧૦.મને જલદી દોડવું ફાવતું નથી.(હકારવાકય બનાવો)

..................................................................................................................................

## Help line :

(૧)ઉદ્ગાર વાકય
● કેવું, કેટલું, શું, જેવા શબ્દોનો ઉપયોગ કરીને ઉદ્ગાર વાકય બનાવી શકાય.
૧. ખૂબ જ નવાઈની વાત છે.
જ. કેવી નવાઈની વાત !
૨.તારા માથામાં ખૂબ જ ધૂળ ભરેલી છે.
જ. તારા માથામાં કેટલી ધૂળ ભરેલી છે !
૩. તેનો ફીગર સારો છે.
જ. શું તેનો ફીગર !
● વાકયના અંતે ફકત એક્સલેમેટરી માર્ક મૂકીને ઉદ્ગાર વાકય બનાવી શકાય.
૧.એ બધુ જ ખાય છે.
જ.એ બધુ જ ખાય છે !
૨.તમારે પરણવું છે.
જ.તમારે પરણવું છે !
(૨)હકારાત્મક વાકય/ હકાર વાકય/વિધિવાકય
● "નથી"ની જગ્યાએ "છે".."છુ"..."છીએ".."છો"
૧.વરસાદ પડતો નથી.
જ. વરસાદ પડે છે
૨.હું જવાનો નથી

જ.હું જવાનો છું.
૩. અમે હિંદુ નથી.
જ. અમે હિંદુ છીએ.
૪.તમે બહુ બોલતા નથી.
જ.તમે બહુ બોલો છો.
આ વાકયને પણ ઘ્યાનમાં રાખો.
૫.ના, મારે નથી ભણવું
જ. હા, મારે ભણવું છે.
● "નહિ", "ન", "મા" કાઢી નાખવા
૧.ગીતા બોલી નહિ.
જ.ગીતા બોલી.
૨. હું કાલે ત્યાં આવીશ નહિ.
જ. હું કાલે ત્યાં આવીશ.
૩.વાત ન કર.
જ.વાત કર.
૪. અવાજ કરો મા.
જ. અવાજ કરો.
(૩)પ્રશ્નવાકય/પ્રશ્નાર્થ વાકયઃ
● વાકયના શરૂઆતમાં શું અને અંતે પ્રશ્નાર્થ ચિન્હ મૂકીને અથવા કયાં, કયારે, કોણ વગેરે શબ્દો મૂકીને પ્રશ્નવાકય બનાવી શકાય.
૧. રમેશ સાંજે ઘરે હશે.
જ.શું રમેશ સાંજે ઘરે હશે ?
જ. રમેશ સાંજે કયાં હશે ?
જ.રમેશ ઘરે કયારે હશે ?
જ. સાંજે ઘરે કોણ હશે ?
● શું, કેટલા, કેવા કોનો વગરે શબ્દો મૂકીને પ્રશ્નાર્થ વાકય બનાવી શકાય.
૧.મમ્મી બજારમાં શાક લેવા ગઈ.
જ.મમ્મી બજારમાં શું લેવા ગઈ ?
૨.કુવામાં પાંચ કાચબા છે.
જ. કુવામાં કેટલા કાચબા છે ?
૩.તમે જોકર જેવા લાગો છો.
જ.તમે કોના જેવા લાગો છો ?
૪.આજે વિભાનો જન્મદિવસ છે.
જ.આજે કોનો જન્મદિવસ છે ?
(૪)નકારાત્મક વાકય/નકાર વાકય/નિષેધ વાકય
● નથી, નહિ, ન, મા શબ્દોનો ઉપયોગ કરીને નકારાત્મક વાકય બનાવી શકાય.
૧.વાદળી વરસે છે.
જ. વાદળી વરસતી નથી.
૨. તેણે રૂમ વાળ્યો.
જ. તેણે રૂમ વાળ્યો નહિ/તેણે રૂમ ન વાળ્યો.
૩.તમારે પૂના સ્ટેશને ઉતરવું પડશે.
જ. તમરો પૂના સ્ટેશને ઉતરવું પડશે નહિ.

૪.સૂતા સૂતા પ્રાર્થના કરો.
જ.સૂતા સૂતા પ્રાર્થના કરો મા.

**(C) નીચેના રૂઢિપ્રયોગોના અર્થ લખી વાકયમાં પ્રયોગ કરો :** 3

[1] **ગૂંચ ઉકેલવી [2015-2016]**

[2] **ભાર હળવો કરવો[2011-2012]**

[3] **ખપ પડવો**

[4] **મસલત કરવી**

[5] **ગદ્ધામજૂરી કરવી[2007-2008], [2011-2012]**

[6] **ઓછું આવવું[2010-2011], [2014-2015]**

[7] **રોષે ભરાવું**

[8] **ટીકીટીકીને જોવું**

[9] **નાકલીટી ખેંચવી**

[10] **ભોંઠા પડવું**

[11] **ભવાં ચડી જવાં**

[12] **ઘણી ગોળીનાં પાણી પીવાં[2007-2008], [2010-2011], [2015-2016]**

[13] **મોકળા મને વાત કરવી**

[14] **મનમાં પ્રકાશ પથરાવો[2010-2011], [2014-2015]**

[15] **આળસ ખંખેરવી[2011-2012]**

[16] **જીવની જેમ જાળવવું[2012-2013]**

[17] **ઓછા – ઓછા થઈ જવું.**

[18] **મોંમા પાણી આવવું[2013-2014]**

[19] **અખાડા કરવા**

[20] **નાકે દમ આવવો[2013-2014]**

[21] **ધૂળ કાઢી નાખવી[2013-2014]**

[22] **હોઠ કરડવા[2014-2015]**

[23] **નાક કાઢવું**

[24] **મોં ઉતરી જવું**

[25] **માથું મારવું**

[26] **ઈડરિયો ગઢ જીતવો**

[27] **એકના બે ન થવું**

[28] **ઘામોટું કરવું**

[29] **મોં ફેરવી લેવું[2015-2016]**

[30] **જીભ કરડીને મરી જવું**

[31] **મુખ સિવાઈ જવું**

[32] **પાંખ ફૂટવી**

[33] **દીવા જેવું દેખાવું[2012-2013]**

**(D) નીચેની કહેવતોના અર્થ સમજાવો :** 3

[1] કોલસાની દલાલીમાં હાથ કાળા.**[2008-2009], [2012-2013], [2013-2014]**

[2] એક સાંધીએ ત્યાં તેર તૂટે.**[2011-2012], [2013-2014],**

[3] ભાંગ્યુ તોય ભરૂચ.**[2013-2014]**

[4] સંતોષી નર સદા સુખી.

[5] મોરના ઈંડા ચિતરવાં ન પડે.**[2014-2015]**

[6] મોલ કરો તલવાર કા પડા રહેન દો મ્યાન.

[7] પાકા ઘડે કાંઠા ન ચડે.**[2014-2015]**

[8] મન હોય તો માળવે જવાય**[2015-2016]**

[9] પૂજે જનો સૌ ઊગતા રવિને.**[2014-2015]**

[9] 'ઉતાવળે આંબા ન પાકે'**[2009-2010]**

[10] ધોબીનો કૂતરો નહીં ઘરનો કે નહીં ઘાટનો**[2010-2011]**

[11] દુકાળમાં અધિક માસ**[2010-2011]**

[12] બાવાના બેય બગડવા**[2010-2011]**

[13] ઝાઝા હાથ રળિયામણા**[2015-2016]**

[14] અતિ લોભ તે પાપનું મૂળ**[2015-2016]**

**(E) નીચેના વાકયો સુધારીને લખો :** 3

*(વર્ષ 2000 થી 2016 દરમિયાનની બોર્ડની પરીક્ષાઓમાં પુછાયેલ વાકયો આ વાકયોની સંખ્યા વધારે છે કારણ કે આ પ્રશ્ન 2000 થી લઈને અત્યાર સુધી સતત પૂછાતો આવ્યો છે. )*

[1] કબાટથી કપડાં રાખ્યા છે.

[2] કાલેલકર મહારાષ્ટ્રના લેખક હતું.

[3] વાર્ષિક પરીક્ષામાં એંશી ટકાને અક્ષય આવશે.

[4] મારી ગાડીની માંથી ઉતરો.

[5] કોનું માથું દુઃખનું છે ?

[6] તેને વાંચવાનું ગમતું નથી છે.

[7] તે અહીં આવી શકયો ન હતી.

[8] તું ત્યાં આવી શકાશે અને બોલી શકાશે ?

[9] મેં તમારી વાત આંભવી.

[10] બિલાડી બાગ રમે છે.

[11] છોકરાએ પુસ્તકને ફાડી નાંખી પછી નીચે ફેંકીને આવી.

[12] આકાશમાંથી ઘનઘોર વાદળાં છવાયાં છે.

[13] મારો ખમીસ મૂકી દે.

જ. મારું ખમીસ મૂકી દે.

[14] મારો નામ હિમ્મતલાલ છે.

[15] બાળકો ક્રિકેટ રમતાં છે.

[16] બગીચાથી પતંગિયા ઊડાઊડ કરે છે.

[17] પુસ્તકવિક્રેતાથી મે ઓર્ડર લખ્યો છે.

[18] તે કુહાડીમાં લાકડાં કાપે છે.

[19] રામના પુત્રનું નામ લવ – કુશ હતું.

[20] આ સોફાની કવર ફાટી ગઈ છે.

[21] આકાશમાંથી તારા ઝબૂકવા લાગ્યા.

[22] તારો પાર્સલ આવી ગયો છે.

[23] કાબરીના એક રૂવાડાય ફરકયા નહિ.

[24] હાથી લાલ આંખો વડે નગરજનો નિહાળી રહ્યા હતા.

[25] મારૂં નામ તો છાપા ચડયું જ હતું.

[26] આ બધું હિંસાના લક્ષણ છે.

[27] ઝાડમાંથી ફૂલ ખરી પડયું.

જ. ઝાડ ઉપરથી ફૂલ ખરી પડયું.

[28] દરવાજાથી તાળું મારી દેજો.

[29] રસોડા પર ચાર બારી છે.

[30] પંખી આકાશથી ઊડતું હતું.

[31] કબાટનું પેટી મૂકી દે.

[32] મીરાંની પ્રભુનું નામ કૃષ્ણ હતું.

[33] શ્રીકૃષ્ણ સુદામાનું મિત્ર હતા.

[34] પુલ ઉપર બસ પડી ગઈ.

[35] ઝાડની નીચે વાંદરો ચડી ગયો.

[36] ગુજરાતીની પેપર તો બહુ અઘરું હતી.

[37] મીરાં આવતો હતો.

[38] વિનોદે રમત રમતું હતું.

[39] નીચેના વાકયોની કાળ બદલાવો.

[40] તું મને બહુ ગમતો છે.

[41] રામનું પત્નીના નામ સીતા હતું.

[42] આ કુવામાંથી પાણી નથી.

[43] આ શાક ચાકુમાં સુધારી નાંખો.

[44] દોરીમાં હાથ – પગ બાંધી લો.

[45] મારી ગાય ઘણો દૂધ આપે છે.

[46] વિદ્યાર્થીઓ અશાંત હતું.

[47] હું રવિવારે કયાંક જતો છું.

[48] પૂનમની રાત્રે સૂરજ પ્રકાશે છે.

[49] પુસ્તકો ટેબલ નીચે મૂકી દો.

[50] તારો પિતાજીનો નામ શું છે ?

[51] મેં ખુરશીઓ ગોઠવી દીધું છે.

જ. મેં ખુરશીઓ ગોઠવી દીધી છે.

[52] ન્યુટનથી ઝાડ પરથી ફળ નીચે પડતાં જોયું.

[53] રાજા ભોજ બહુ સારું રાજા હતો.

[54] કુવાથી હોય તો હવાડામાં આવે.

[55] ગીરના જંગલમાં ઘણી સિંહો મૃત્યુ પામી છે.

[56] તેની દુષ્ટતાનું હદ નથી રહી.

[57] આજના સ્ત્રીઓ પુરૂષ – સમોવડી હોય છે.

[58] અમરતકાકી મંગુના નાતમાં ભળી ગયું.

[59] ધીરજલાલથી ધીરજ ગુમાવી.

[60] મારું ચપ્પલ ખોવાઈ ગયાં છે.

[61] થાળીમાંથી લાડુંની ઉપાડી લો.

[62] હવામાં ઝાડ – પાન હલી ઊઠી.

[63] મીરાંની કૃષ્ણભક્ત હતી.

[64] કૃષ્ણને મીરાંને દર્શન આપી.

[65] સુરેશ તમે કેમ રોજ મોડે આવું છો ?

[66] મનોજ કુંડુંને રંગે કરે છે.

[67] હું તો રોજ આવતો છું.

[68] તમોને હુંએ શું કહેવું ?

[69] તળાવના પાળે ઘણાં પક્ષી હોઈ છે.

[70] કાગડો ભસે છે, કૂતરો કા – કા કરે છે.

[71] મુંજે પોતાનો વાળ ઊંચો કર્યો.

[72] મારો ઘડિયાળ બંધ પડયો છે.

[73] દીવાળીમાં ફટાકડા ખાવાની અને નિઠાઈ ફોડવાની મઝા પડે છે.

[74] ઋતુઓની મહારાજા તો વસંત જ.

[75] ઓશીકાની ગલેફ પર ડાઘ પડી છે.

[76] એણે કુમાશમાં ઈસ્કોતરો બંધ કર્યો.

[77] નાનાભાઈથી રસોયાને છૂટી કર્યો.

[78] મારાથી ઝાડ કાપ્યું નહીં.

[79] આકાશમાંથી વાદળો ગર્જે છે.

[80] પડયા પડયા પથારીમાં તૃષાએ વિચાર્યુ.

[82] 'હું અને મારું' સંકુચિતતાના નિશાની છે.

[83] તારા વિના જીવન નકામી છે.

[84] રમેશભાઈ ચાલતી હતા.

[85] જનક અને કનક બંને ઝઘડો લાગ્યા.

[86] છોકરો ઝાડ પર ચડી.

[87] ગાંધીજી આફ્રિકાની રંગભેદની લડત લડવા ગઈ.

[88] રમણ અને દક્ષા થોડી મલકાતી.

[89] આપણી તો સજામાં માનતી નથી.

**(F) નીચેના શબ્દોનો સંધિવિગ્રહ કરો.** 3

| | | | |
|---|---|---|---|
| 1 | લાભાલાભ **[2013-2014]** | 29 | સંતોષ |
| 2 | હિમાલય**[2013-2014]** | 30 | નિરભ્ર |

| | | | |
|---|---|---|---|
| 3 | તલ્લીન | 31 | ભારોચ્ચાર |
| 4 | મનોરથ | 32 | નિર્ગુણિયા |
| 5 | સદૈવ | 33 | નિસ્તબ્ધ |
| 6 | યોગેશ | 34 | ઈત્યાદિ |
| 7 | **સિન્ધૂર્મિ** | 35 | સવાશ્રય |
| 8 | હિમાચ્છાદિત | 36 | ઉત્કંઠા |
| 9 | વ્યાખ્યાન | 37 | કૃતાર્થ |
| 10 | વૃદ્ધાવસ્થા | 38 | સ્વચ્છ**[2015-2016]** |
| 11 | **પરીક્ષા**[2012-2013] | 39 | એકાગ્ર |
| 12 | વિદ્યાલય | 40 | શીર્ષાસન |
| 13 | ચિન્તાતુર | 41 | દુર્ભાગ્ય |
| 14 | વર્તુળાકાર | 42 | દુર્જન |
| 15 | ઉન્નત | 43 | વ્યસ્ત |
| 16 | નિષ્ફળ | 44 | વાચ્યાર્થ |
| 17 | **ગિરીશ** | 45 | વિદ્યાર્થી |
| 18 | એકાન્ત | 46 | **પ્રણામ** |
| 19 | **અવનીશ** | 47 | ચિરાયુ |
| 20 | વિષાદ | 48 | દેશાભિમાન **[2012-2013]** |
| 21 | તપશ્ચર્યા | 49 | મહેન્દ્ર **[2013-2014]** |
| 22 | પુરુષોત્તમ | 50 | હરીચ્છા **[2014-2015]** |
| 23 | વિવેકાનન્દ | 51 | પ્રત્યેક **[2014-2015]** |
| 24 | વિદ્યાભ્યાસ | 52 | વનૌષધિ **[2014-2015]** |
| 25 | સજ્જન | 53 | મહેશ **[2012-2013]** |
| 26 | ભાવાવેશ | 54 | વાર્તાલાપ **[2015-2016]** |
| 27 | પ્રેમામૃત | 55 | વધૂલ્લાસ **[2015-2016]** |
| 28 | નિશ્ચય | | |

**(G) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :** 2

| | |
|---|---|
| 1 | વાણીનો પ્રવાહ |
| 2 | આંસુનો પ્રવાહ |

| | |
|---|---|
| 3 | ગળામાં પહેરવાની ચેઈન |
| 4 | શહેરની બહારનો વસવાટ |
| 5 | સોદાના સાટા પેટે અગાઉથી અપાયેલું નાણું |
| 6 | ઘોડાના પગે જડવામાં આવતી લોખંડની જાડી પટ્ટી |
| 7 | નાકમાંથી ઉચ્ચારાતું |
| 8 | કોઈ એક શબ્દ પર ભાર દઈને ઉચ્ચાર કરવો તે |
| 9 | જાણવાની ઈચ્છા |
| 10 | મન બીજે ઠેકાણે ગયેલું હોય એવું |
| 11 | સિદ્ધિઓ મેળવી હોય તેવો યોગી |
| 12 | લાંબી આવરદાવાળું |
| 13 | ફાટયાંતૂટયાં વસ્ત્રવાળું |
| 14 | સાથ – સંગાથ વગરનું |
| 15 | નદીનાળામાં નવાં પાણીનું જોસબંધ આવવું તે |
| 16 | કૌરવ – પાંડવો વચ્ચે યુદ્ધ થયું હતું તે સ્થળ |
| 17 | સાપ જેવાં વળાંકવાળું |
| 18 | સમુદ્રમાં એક જાતનાં જીવડાંએ બનાવેલું ઘર |
| 19 | ઉપરથી નીચે પડતી પાણીની ધાર |
| 20 | ધૂળને લીધે ઝાંખું થવું**[2014-2015]** |
| 21 | વાંસ કે લાકડાંનું બનાવેલું પાણીમાં તરનારું સાધન |
| 22 | ન અડકાય એવું |
| 23 | જેની જોડ ન જડે તેવો**[2013-2014]** |
| 24 | જેને કોઈ આકાર નથી તેવો**[2013-2014]** |
| 25 | વહેવારમાં ઊભી રહેનારી **[2014-2015]** |
| 26 | જંતુઓનો નાશ કરનાર **[2015-2016]** |
| 27 | વાદળ વગરનું **[2015-2016]** |

## Section : D : Literature Text Book (45 Marks)

*(નીચેના મોટા ભાગના પ્રશ્નો વર્ષ 2006 થી 2015 દરમિયાનની બોર્ડની પરીક્ષાઓમાં પુછાયેલ છે.)*

**1.** **(A)** **નીચનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબનો વિકલ્પ શોધી સાચો જવાબ લખો.** 05

*(સેમેસ્ટર સીસ્ટમ શરૂ થયા પછી વર્ષ 2013-2014 અને ત્યાર પછી પૂછાયેલા પ્રશ્નો)*

[1] **[2013-2014]**

એક દિવસ રમણે પડખેના છાપરા પર બે ઊભા વાંસ દીઠા. કાળા તારનો ટુકડો બે વાંસની ટોચ વચ્ચે બંધાયેલો ઝુલતો હતો. પડોશીએ રેડિયો લીધો હશે તેનું એરિયલ બાંધ્યું હતું. કયાંય લગી આકાશની ખુલ્લી છાતી પર ભાલા મારતા હોય તેવા આ બે વાંસને અને એ બે વાંસ વચ્ચે ઝૂલતા કાળા તારને એ જોઈ રહ્યો. ન સમજાયું મનમાં શેની ગ્લાની હતી, ન કળાયું શેની બેચેની પરેશાન કરતી હતી, પણ ન કળાય તેવી વેદના એને આકુળવ્યાકુળ કરી રહી હતી. દક્ષાએ રમણનું મોં જોયું ત્યારથી જ એને એ સમજાઈ ગયું. પોતાને પણ ન સમજાય તેવી મૂંઝવણ થતી, પણ રમણને બને તો મલકાવવા જ એ બોલી, "લ્યો, હવે ભજન અને ગીત પણ સાંભળવા મળશે."

**પ્રશ્નો :**

[1] રમણે પડખેના છાપરા પર શું જોયું ?

[2] એ વાંસ અને કાળો તાર શેના હતા ?

[3] રમણને એ વાંસ કેવા લાગ્યા ?

[4] એ એરિયલના વાંસને જોઈને રમણના મન પર શી અસર પડી ?

[5] દક્ષા રમણને મલકાવવા શું બોલી ?

[2] **[2014-2015]**

*(બાર્ડના પ્રશ્નપત્રમાં આ પ્રશ્નમાં ગંભીર ભુલો રહી જવા પામી હતી, જે અહીં સુધારા – વધારા સાથે આપેલ છે.)*

લડાઈના કામમાંથી છૂટા થયા પછી મને લાગ્યું કે હવે મારું કામ દક્ષિણ આફ્રિકામાં નથી પણ દેશમાં છે. દક્ષિણ આફ્રિકામાં બેઠો બેઠો હું કાંઈક સેવા તો જરૂર કરું, પણ ત્યાં મારો મુખ્ય ધંધો તો પૈસા કમાવાનો જ થઈ પડે એમ મને લાગ્યું.

દેશથી મિત્રવર્ગની ખેંચ પણ દેશ આવવા તરફ ચાલુ હતી. મને પણ ભાસ્યું કે દેશ જવાથી મારો ઉપયોગ વધારે થઈ શકશે. નાતાલમાં મિ. ખાન અને મનસુખલાલ નાજર હતા જ.

મેં સાથીઓ આગળ મુકત થવાની માગણી કરી. ઘણી મુસીબતે એ માગણીનો શરતી સ્વીકાર થયો. શરત એ હતી કે, એક વર્ષની અંદર જો કોમને મારી જરૂર જણાય તો મારે પાછું દક્ષિણ આફ્રિકા જવું. મને આ શરત કઠણ લાગી, પણ પ્રેમપાશથી હું બંધાયેલો હતો :

કાચે રે તાંતણે હરજીએ બાંધી,
જેમ તાણે તેમ તેમની રે.... મને લાગી કટારી પ્રેમની.

આ મીરાંબાઈની ઉપમા થોડેઘણે અંશે મને લાગુ પડતી હતી. પંચ પણ પરમેશ્વર જ છે. મિત્રોના બોલને હું તરછોડી નહોતો શકતો. મેં વચન આપ્યું ને રજા મેળવી.

આ વેળા મારો નિકટનો સંબંધ નાતાલ સાથે જ હતો એમ કહેવાય. નાતાલના હિંદીઓએ મને પ્રેમામૃતથી નવડાવી મૂકયો. ઠેકઠેકાણે માનપત્રો આપવાની સભાઓ થઈ અને દરેક ઠેકાણેથી કીમતી ભેટો આવી.

**પ્રશ્નો :**

[1] લડાઈના કામમાંથી છૂટા થયા પછી ગાંધીજીને શું લાગ્યું ?

[2] દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીનો મુખ્ય ધંધો શો હતો ?

[3] ગાંધીજી શેનાથી બંધાયેલા હતા ?

[4] કઈ શરતે ગાંધીજીને દેશ આવવાની રજા મળી ?

[5] નાતાલના હિંદીઓએ શેની સભાઓ યોજી ? કેમ ?

[1] **[2015-2016]**

એ રાતે રમણે દક્ષાને હમણાં હમણાં માથે આવીને પ્રકાશતો ગુરુ બતાવ્યો. પોતાના ગામમાં ગાંજો પી મસ્ત બનેલી બાવાની આંખ આ મંગળ જેટલી લાલ હતી, એની વાત પણ એણે કહી. એક પણ વાદળી આકાશમાં ન હતી. ગામની સુધરાઈના દીવા, મિલનાં ભૂંગળા પર ઝગમગતી નિયોન લાઈટ્સ,

સિનેમાઘરોની ઝબકજયોત – સહુના પ્રકાશ – અંધકારનું મિલન પડખેના છાપરાની ધારે દેખાતી ક્ષિતિજને આછા લાલ રંગે રંગતા હતાં. ઘણીવાર તો રમવા નીકળેલા તારા એમાં ખોવાઈ જતા અને રમણને ખેદ સાથે પોતાની સાથે કામ કરનારે કહેલી વાત યાદ આવી જતી. ઘણી નોકરીઓ કરી હતી, ઘણી ગોળીના પાણી પીધાં હતાં એણે. એમાંનાં એક શેઠે નક્કી કરેલાં જંતર પર નક્કી કરેલો માનવી ન દેખાયો ત્યારે ભારે રોષ કરેલો. રમણેયે પોતે નહિ, પણ પોતાનેય અમુક જંતરે જડનાર મોટાનાયે માટા માલિકે નિયત કરેલા સ્થાને પેલો તારો ન દેખાયો ત્યારે રોષ ચડેલો.

**પ્રશ્નો :**

[1] રમણે આકાશમાં દક્ષાને શું બતાવ્યું ?

[2] રમણે મંગળને કોના જેવો કહ્યો ?

[3] રમણને કોની કઈ વાત યાદ આવી ?

[4] રમણને કયારે રોષ ચડેલો ?

[5] 'પ્રકાશ' અને 'આકાશ' શબ્દોના અર્થ લખો ?

**[B] નીચેનામાંથી કોઈ પણ બેના કારણો આપો :** 04

*(કુલ ચારમાંથી બે અથવા ત્રણમાંથી બે પ્રશ્નોના જવાબ લખવાના હોય છે.)*

[1] ગાંધીજીએ રાત્રી બાવરાની જેમ ગાળી.

[2] દક્ષાને રમણ પર રોષ ચડતો હતો.

[3] પરવાળાનો પત્થર ધન્ય થયો.

[4] એક વાર રમણ આકુળવ્યાકુળ થઈ ગયો.

[5] નાનાભાઇનું પંડિતાઈનું અભિમાન ઓગળી ગયું.

[6] 'પંચપટરાણી'ના લેખકે રવિવારે આરામ ન કરવાનું નક્કી કર્યુ. <u>અથવા</u> લેખકે રવિવારે સફાઈકાર્ય કર્યુ.

[7] ગાંધીજીને દેશગમન જરૂરી લાગ્યું.

[8] 'દક્ષિણામૂર્તિ' લેખક માટે વિશ્વવિદ્યાલય બની ગયું.

[9] 'ધરતીનો જયાં છેડો આવે તે ઘર'

[10] ચિરાયુનું રેશમી વસ્ત્ર સાંધી ન શકાયું

[11] રમણે પરાનું મકાન બદલવુ પડયું.

[12] "જોડકણાં જોડશે આ છોકરો." એવું અનુભવી વૃદ્ધો રમણ વિશે બોલતા.

[13] ગાંધીજીએ બાળકોને વકીલ નીમવાનો નિર્ણય કર્યો.

[14] ચીરાયુના રેશ્મી વસ્ત્રમાં કાણું પડયું.

**[C] કોઈ પણ *પાંચ* પ્રશ્નોના એક – એક વાકયમાં જવાબ લખો :** 05

*(કુલ છમાંથી પાંચ પ્રશ્નોના જવાબ લખવાના હોય છે.)*

[1] ગાંધીજીને દેશગમનનો આગ્રહ કોણે કર્યો ?

[2] તાંબાનો કુંજો ઝળહળતો કરવા લેખકે શું કર્યુ ?

[3] ગાંધીજીએ ભેટ સંદર્ભે શો નિર્ણય લીધો ?

[4] 'થીગડું' વાર્તા કયુ સત્ય સમજાવે છે ?

[5] ભેટ અંગે ગાંધીજી શું માને છે ?

[6] ગાંધીજીને ભેટસોગાદો કોણે આપી ?

[7] રમણનું પરાનું મકાન કેવું હતું ?

[8] રમણને શેનો શોખ હતો ?

[9] રમણને સસ્તા ભાડાનું મકાન શોધવાનો વારો કેમ આવ્યો ?
[10] ખાદી અંગે નાનાભાઈના શા વિચારો હતા ?
[11] ગૃહપતિ વિદ્યાર્થીઓને ઠપકો કેમ આપતા હતા ?
[12] ગૌરીશંકરે લેખકને મજાકમાં શું કહ્યું ?
[13] પ્રભાશંકરે મનુને કોની વાર્તા કહી ?
[14] પ્રભાશંકર સોયમાં દોરો કેમ પરોવી શકયા નહિ ?
[15] લેખક કઇ પંચપટરાણીની વાત કરે છે ? <u>અથવા</u> પાંચ ઈન્દ્રિયો કઈ કઈ છે ?
[16] લેખક ધરતીનો છેડો કોને કહે છે ?
[17] લેખક પાંચ ઈન્દ્રિઓને કયા નામે ઓળખે છે ?
[18] રેશમી વસ્ત્રને થીગડું મારવાના રાજારાણીના પ્રયત્નો કેમ નિષ્ફળ ગયા ?
[19] 'જીન્રેવા' અને 'સનફ્લાવર્સ'ના સર્જકોના નામ લખો.
[20] પ્રભાશંકરના મોટા દીકરા મણિશંકરના મૃત્યુની તેમના પર શી અસર થઈ ?
[21] પંચપટરાણીની સેવામાં લેખકે સૌથી પહેલું કામ શું કર્યુ ?
[22] દક્ષાએ ત્રીજા માળની ઓરડી શા માટે પસંદ કરી ? (એક વાકયમાં પૂછાય તો એક વાકયમાં, ટૂંકમાં પૂછાય તો ત્રણ ચાર વાકયમા અને વિસ્તારથી પૂછાય તો સાતઆઠ વાકયમાં જવાબ લખવો. આ અને બીજા કેટલાક પ્રશ્નો ત્રણેય રીતે પુછાય છે.)
[23] "આકાશમાં ઉકરડો કરશે તો એના ઉપર જ પડશેને ?" આ વાકય કયા પાઠમાં અને કોણ બોલે છે ?
[24] "હાથીના દંતશૂળ નીકળ્યા તે નીકળ્યા, પાછા ન જાય." વાકય કોણ બોલે છે ?
[25] કસ્તુરબાને સમજાવવા માટે ગાંધીજીએ કોને વકીલ બનાવ્યા ?
[26] 'પંચ પટરાણી'માં દીવાલના ખૂણા કયારે સ્પષ્ટ દેખાયા ?
[27] "જોડકણાં જોડશે આ છોકરો." એવું કોણ કહેતા હતા ?
[28] ગાંધીજીએ નાનાભાઈના હાથમાં કયા બે ધ્વજો મૂકયા હતા ?
[29] "રડાવીને પણ જેને ને તેને ઘરમાં રાખ્યા અને ચાકરીઓ કરાવી તેનું શું ?" – પ્રસ્તુત વાકય કોણ બોલે છે ?
[30] લિયોનાર્દો દ વિન્ચીનું 'જીન્રેવા' નામનું ચિત્ર કયારે દોરાયું હતું ?
[31] ચિરાયુનું વસ્ત્ર શા માટે ન સંધાયું ?
[32] "ખાદી એ પહેરવાની વસ્તુ છે, પહેરાવાની નથી." આ વાકય કોણ કોને કહે છે ?
[33] 'પંચ પટરાણી.....' ના લેખકને દુનિયામાં સૌથી સુંદર કઈ ચીજ લાગે છે ?
[34] ગાંધીજીનું પૂરું નામ જણાવો.
[35] ઈશ્વરે રવિવારે શેનું પાટિયું લગાવ્યું છે ?
[36] નાનાભાઈએ લેખકને કયા – કયા ઉપનિષદો શીખવ્યા ?
[37] 'નાનાભાઈ' નિબંધ લેખકના કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે ?
[38] 'દેશગમન' પાઠ કોણે લખ્યો છે ?
[39] 'પંચપટરાણીની સેવામાં ઘરકામ'નો સાહિત્યપ્રકાર જણાવો.
[40] 'આભલાનો ટુકડો'વાર્તાના લેખકનું નામ શું છે ?
[41] 'થીગડું'ના લેખકનું નામ જણાવો.
[42] 'થીગડું' પાઠ લેખકના કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે ?
[43] 'દર્શક' કોનું ઉપનામ છે ?
[44] લેખકના ઘરમાં લિયોનાર્દો – દ – વિન્ચીનું કયું ચિત્ર હતું ?
[45] પ્રભાશંકર કેટલા વર્ષની વયે પાર્વતી સાથે પરણ્યા ?
[46] નાનાભાઈના મત પ્રમાણે પ્રાણાયમ શા માટે શીખવા જોઈએ ?

નોંધ : "કોણ કોને કહે છે." એક વાકયના પ્રશ્ન તરીકે પૂછી શકાય છે. આ પ્રશ્નને લક્ષમાં રાખીને વિદ્યાર્થીઓએ બધા જ પાઠના અવતરણોવાળા વાકયો ધ્યાનથી વાંચવા. ઉપરાંત અંતિમ પાના ઉપર આપેલ લેખકના નામ, ઉપનામ, પુસ્તક, સાહિત્ય પ્રકાર અંગેની માહિતી પણ વાંચી જવી, આ માહિતી ઉપરથી પણ એક વાકયના પ્રશ્ન તરીકે પૂછાય છે.

**[D] નીચેનામાંથી કોઈ પણ *બે* પ્રશ્નોના બે – ત્રણ વાકયોમાં ઉત્તર લખો :** 06

*(કુલ ચારમાંથી બે પ્રશ્નોના જવાબ લખવાના હોય છે.)*

[1] દક્ષા શા માટે ત્રીજા માળની ઓરડી પસંદ કરે છે ?

[2] "ખાદી પહેરવાની વસ્તુ છે, પહેરાવવાની નહી." નાનાભાઈ આ વાત કેવી રીતે સમજાવે છે ?

[3] પંચપટરાણીને લેખક કેવી રીતે રીઝવે છે ? અથવા પંચપટરાણીઓને મનાવવા લેખકે શું શું કર્યુ ? અથવા પંચપટરાણીઓની લેખકે કેવી રીતે સેવા કરી ?

[4] ગાંધીજીને કયા પ્રકારની ભેટ – સોગાદો મળી હતી અને તેનું તેમણે શું કર્યુ ? અથવા ભેટમાં મળેલાં ઘરેણાંનો આખરે ગાંધીજીએ કેવી રીતે ઉપયોગ કર્યો ?

[5] નાનાભાઈએ ગૌરીશંકર રસોયાને શા માટે છૂટો કર્યો ? અથવા રસોઈ ચાખનાર લેખકને ગૌરીશંકર રસોયાએ શું કહ્યું અને તેનું શું પરિણામ આવ્યું ?

[6] પ્રભાશંકર શા માટે પાંત્રીસના થઈને પરણ્યા ?

[7] નાનાભાઈએ ગૃહપતિને શા માટે ઠપકો આપ્યો ?

[8] ગાંધીજી પોતાને મીરાંબાઈ સાથે શા માટે સરખાવે છે ?

[9] રસોઈ ચાખનાર લેખકને ગૌરીશંકર રસોયાએ શું કહ્યું અને તેનું શું પરિણામ આવ્યું ?

[10] લેખકને મન 'ઘર' એટલે શું ? 'પંચપટરાણીની સેવામાં ઘરકામ' પાઠના આધારે સમજાવો.

[11] 'ધરતીનો છેડો આવે તે ઘર' એવું લેખક શા માટે કહે છે ?

[12] નાનાભાઈને ગાંધીજીએ કયા બે ધ્વજ પકડાવ્યા હતા ?

[13] નાનાભાઈનો નિત્યક્રમ લખો.

[14] ત્રીજા માળે ઓરડી ભાડે ન લેવા રમણે કેવી કેવી દલીલો કરી ?

[15] 'પંચપટરાણી'ના લેખક પત્નીને કઈ રીતે વધાવે છે ?

[16] રેશમી વસ્ત્ર પહેરીને રાજકુમારે 'ચિરયૌવન' કેવી રીતે પસાર કરવા માંડયું ?

[17] લેખકે સ્વેટર કેવી રીતે ધોયું ?

[18] દક્ષાને રમણનું આકાશદર્શન કેવું લાગતું હતું ? કેમ ?

[19] પ્રભાશંકરને બહાર જવાનો વખત થાય ત્યારે પાર્વતીડોશી શું કરતા ? કેમ ?

[20] 'જાહેર સેવકને અંગત ભેટો ન હોય.' સમજાવો.

[21] રવિવારે ઘરમાં ચારે તરફ નજર કરતાં લેખકને શો ખ્યાલ આવે છે ?

[20] રૂપાળા રાજકુમારને જોઈને રાજા – રાણી ખુશ થવાને બદલે દુઃખી કેમ હતા ?

**[E] નીચેનામાંથી કોઈ પણ *એક* પ્રશ્નનો વિસ્તૃત ઉત્તર લખો :** 04

*(કુલ ત્રણમાંથી એક પ્રશ્નનો જવાબ લખવાનો હોય છે.)*

[1] કસ્તુરબાના કયાં વાકયો ગાંધીજીને અણિયાળા બાણ સમાન લાગે છે ? અથવા ઘરેણાં માટે કસ્તુરબાએ ગાંધીજીને કઈ કઈ ખરીખોટી વાતો સંભળાવી ? અથવા ભેટના સ્વીકાર – અસ્વીકાર અંગે કસ્તૂરબાના વલણનાં કારણો કયાં હતા ? અથવા કસ્તુરબાનું પાત્રાલેખન કરો. અથવા કસ્તૂરબાના ગાંધીજીને કહેલા વચનોનો તમારા મન પર કેવો પ્રભાવ પડે છે તે કસ્તૂરબાના પાત્રના અનુસંધાને જણાવો. અથવા કસ્તુરબાના વ્યકિતત્વ વિશે ટૂંકનોંધ લખો. અથવા કસ્તુરબાનું શબ્દચિત્ર દોરો.

[2] 'આભલાનો ટૂકડો' શીર્ષકની યથાર્થતા સમજાવો.

[3] પત્ની તરીકે દક્ષાનું શબ્દચિત્ર દોરો.
[4] રમણનો આકાશદર્શનનો શોખ વાર્તામાં કેવી રીતે વ્યકત થયો છે ?
[5] 'થીગડું' શીર્ષકની યોગ્યતા સ્પષ્ટ કરો.
[6] પંચપટરાણીના લેખકે રવિવારનો કઇ રીતે ઉપયોગ કર્યો ? <u>અથવા</u> પંચપટરાણીના લેખકે ઘરસફાઈના કયા કયા કામો કર્યા ?<u>અથવા</u> લેખકે રવિવારે શા માટે આરામ ન કરવાનું નક્કી કર્યું ?
[7] નાનાભાઇનું પાત્રાલેખન કરો. <u>અથવા</u> નાનાભાઈના કોમળ અને કઠોર વ્યકિતત્વને વ્યકત કરતાં પાસાંની સદૃષ્ટાંત ચર્ચા કરો.
[8] ભેટ સંદર્ભે ગાંધીજીનું મનોમંથન વર્ણવો.
[9] પ્રભાશંકરને યાદ આવતા, પાર્વતી સાથેના એકાદ પ્રસંગનું વર્ણન કરો.
[10] 'થીગડું' વાર્તાનું રહસ્ય સમજાવો.
[11] શૂળ જેવા ભોંકાતા વાંસડા રમણના આશ્વાસનું કારણ કયારે બન્યા ?
[12] આખી શેરીએ અને રમણે રેડિયો પરની જાહેરાતોમાં શું શું સાંભળ્યું ?

**5. [A] નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો :** 05

[1] **[2009-2010], [2010-2011], [2011-2012], [2013-2014]**

*(સતત ચાર વર્ષ સુધી એક જ કાવ્યમાંથી જુદી જુદી કાયપંકિતઓ પુછાયેલ. અહિં સમગ્ર કાવ્ય એક સાથે આપેલ છે.)*

ફૂલ કહે ભરાને, ભમરો વાત વહે ગુંજનમાં :
માધવ, કયાંય નથી મધુવનમાં.
કાલિન્દીનાં જલ પર ઝૂકી
પૂછે કદંબડાળી,
યાદ તને બેસી અહીં વેણુ
વાતા'તા વનમાળી ?
લહર વમળને કહે, વમળ એ વાત સ્મરે સ્પંદનમાં
માધવ, કયાંય નથી મધુવનમાં.
કોઇ ન માગે દાણ
કોઇની આણ ન વાટે ફરતી,
હવે કોઇ લજ્જાથી હસતાં
રાવ કદી કયાં કરતી !
નંદ કહે જશુમતીને, માતા લાલ ઝરે લોચનમા :
માધવ કયાંય નથી મધુવનમાં.
શિર પર ગોરસમટુકી
મારી વાટ ન કેમે ખૂટી,
અબ લગ કંકર એક ન લાગ્યો
ગયા ભાગ્ય મુજ ફૂટી;
કાજળ કહે આંખોને, આંખો વાત વહે અંસુઅનમાં :
માધવ કયાંય નથી મધુવનમાં.

પ્રશ્નો :

૧. આ કાવ્યપંકિત કયા કાવ્યમાંથી લેવામાં આવી છે અને તેના કવિ કોણ છે ?
૨. ગોપીને તેના ભાગ્ય ફૂટી ગયા હોય તેવું કેમ લાગે છે ?
૩. ગોરસમટુકી લઈ જતી ગોપીની વાટ શા માટે નથી ખૂટતી ?

૪. 'માધવ કયાંય નથી મધુવનમાં' એમ કોણ અને કેવી રીતે આલાપે છે ?
૫. આંખોને કાજળ કહે અને આંખો એ વાતને વહેતી કરે તેથી કેવું દશ્ય સરજાય છે ?
૬. કોણ કોની પાસે દાણ માગતું હતું ?
૭. કવિ 'દાણ' અને 'આણ' શબ્દોમાં કયા પ્રસંગનો નિર્દેશ કરે છે ?
૮. માર્ગમાં કોની આણ વર્તાતી હતી ?
૯. કોણ, કોને, કેવી રીતે અને શેની ફરિયાદ કરતું હતું ? અથવા કવિ કોની, કોના વિરુદ્ધ રાવની વાત કરે છે ?
૧૦. કવિ કોની આણ, દાણ અને કોની રાવનો સંકેત કરે છે ?
૧૧. ભમરો ગુંજન દ્વારા કઈ વાત વહેતી કરે છે ?
૧૨. કદંબડાળી કોને શું પૂછે છે ?
૧૩. જશુમતી પર માધવના વિયોગની કેવી અસર પડે છે ?
૧૪. લહરે કહેલી વાત વમળ શી રીતે સ્મરે છે ?

[2] કોઈના સંગનિઃસંગની એને કશી અસર નવ થાય,
ઝાલો ત્યાં તો છટકે એવી નાજુક ને ચંચલ !

૩. આ કાવ્યપંકિત કયા કાવ્યમાંથી લેવામાં આવી છે અને તેના કવિ કોણ છે ?
૪. ચંચલ અને નાજુક શું છે ?
૫. પલને શેની અસર થતી નથી ?

[3] એ લોકો પ્હેલાં કાપડના તાકા ભરી રાખે છે[2013-2014]
પછી જયારે ઉઘાડો માણસ ફાટી જાય છે ત્યારે
વાર વાર વેચે છે !

૧. "ઉઘાડો માણસ ફાટી જાય છે" તેનો શું ભાવાર્થ છે ?
૨. સંઘરાખોરો કાપડ કયારે વેચવા કાઢે છે ?

[4] મન મેલાં તન ઉજળાં, બગલા કપટી અંગ;[2013-2014]
એથી તો કાગા ભલા, (એના) તન મન એક જ રંગ.

૧. દુહામાં બગલા વિશે શું કહેવાયું છે ?
૨. કાગડાના દષ્ટાંત મારફત શું કહેવાયું છે ?

[5] આવ્યો છું તો લાવ જરા અહીં મળતો જાઉં[2010-2011]
આ મેળે જન લાખ, ભલા કૈં ભળતો જાઉં
પ્રશ્નો :

૧. કવિ કયાં આવવાની અને કોને મળવાની વાત કરે છે ?
૨. કવિ કયા મેળાની અને કયા 'લાખ જન'નો નિર્દેશ કરે છે ?

[6] એ લોકો પ્હેલાં ધાન્યના કોથળા ભરી સીવી રાખે છે,[2012-2013]
પછી જયારે માણસ સડી જાય ત્યારે
કિલો કિલો વેચે છે.
૧.'એ લોકો' શબ્દ કવિ કોના માટે વાપરે છે ?
૨.'એ લોકો' ધાન્ય કયારે વેચે છે ?
૩.'એ લોકો' ધાન્યનું શું કરે છે ?
૪.'માણસ સડી જાય'નો અર્થ શું થાય ?

[7] ધમાલ ન કરો, – જરાય નહિ નેન ભીનાં થશો – [2014-2015]

ઘડી બ ઘડી જે મળી, – નયનવારિ થંભો જરા, –
કૃતાર્થ થઈ લો, ફરી નહિ મળે જ સૌંદર્ય આ,
સદા જગત જે વડે હતું હસન્તું માંગલ્ય કો !
ધમાલ ન કરો, – ધરો બધી સમૃદ્ધિ માંગલ્યની,
ધરો અગરુ દીપ ચંદન ગુલાલ ને કુંકુમ;
ધરો કુસુમ શ્રીફલો, ન ફરી જીવને આ થવો.
સુયોગ અણમૂલ સુંદર સુહાગી માંગલ્યનો !
ધમાલ ન કરો, ન લો સ્મરણ કાજે ચિહ્ન કશું,
રહ્યું વિકસતું જ અન્ત સુધી જેહ સૌંદર્ય, તે
અખંડ જ ભલે   રહ્યું હૃદયસ્થાન તેનું હવે
ન સંસ્મરણ વા ન કો સ્વજનયે કદી પૂરશે.
મળ્યા તુજ સમીપ અગ્નિ ! તુજ પાસ જુદાં થિંયે,
કહે, અધિક ભવ્ય મંગલ નથી શું એ સુંદરી ?
૧. આ કાવ્યમાં કવિએ મૃત્યુની ઘટનાનું કેવી ઘટના તરીકે નિરૂપણ  કર્યું છે ?
૨. પત્નીના સ્મરણ માટે કશું જ ન લેવાનું કવિ શા માટે કહે છે ?
૩. ‘કુસુમ’ અને ‘દીપ’ શબ્દોના અર્થ લખો.
૪. કોની સાક્ષીએ લગ્ન થયાં અને પતિ – પત્ની જુદા થયાં ?
૫. પ્રસ્તુત કાવ્યમાં કવિનો મનોભાવ શું છે ?

[8] છલક છલક છલકાય,**[2014-2015]**
છતાં યે કદી શકી નવ ઢળી,
વૃન્દાવનમાં,
વળી કોઈને કુરુક્ષેત્રમાં મળી,
જાય તેડી પોઢેલાને યે નવે લોક, નવ સ્થલ !
૧. વૃંન્દાવન અને કુરુક્ષેત્ર દ્વારા કવિ સમય વિશે શું કહે છે ?
૨. સમય ચિરનિંદ્રામાં પોઢેલાંને કયાં લઈ જાય છે ? <u>અથવા</u> પલ મૃત્યુ પામેલાને કયાં લઈ જાય છે ?

[9] ઊગે કમળ પંકમાં, તદપિ દેવ શિરે ચડે;**[2014-2015]**
નહિ કુળથી કિન્તુ, મૂલ મૂલવાય ગુણો વડે.
૧.કાદવમાં ઊગેલું કમળ કોનાં મસ્તકે બિરાજે છે ?
૨. વ્યકિતનું મૂલ્ય શાનાથી થાય છે ?

[10] સરકી જાયે પલ..**[2015-2016]**
કાળતણું જાણે કે એ તો વરસે ઝરમર જલ!
નહીં વર્ષામાં પૂર,
નહીં ગ્રીષ્મ મહીં શોષાય,
કોઈના સંગનિસંગની એને,
કશી અસર નવ થાય,
ઝાલો  ત્યાં તો છટકે એવી નાજુક ને ચંચલ !
છલક છલક છલકાય
છતાં યે કદી શકી નવ ઢળી,
વૃંન્દાવનમાં,
વળી કોઈને કુરુક્ષેત્રમાં મળી,

જાય તેડી પોઢેલાંને યે નવે લોક, નવ સ્થલ !
પ્રશ્નો :
૧. કવિ પલને કોની સાથે સરખાવે છે ?
૨. 'ગ્રીષ્મ' અને 'નાજુક' શબ્દોના અર્થ લખો.
૩. સમયની ક્ષણને ઝીલે ત્યાં શું થાય છે ?
કજ્જલ તજે ન શ્યામતા, મુકતા તજે ન શ્વેત;
દુર્જન તજે ન કુટિલતા, સજ્જન તજે ન હેત.
૧. દુર્જનો શું છોડતા નથી ?
૨. 'મુકતા' અને 'કજ્જલ'ના અર્થ લખો.
એ લોકો પ્હેલાં ઔષધની શીશીઓ સંઘરી રાખે છે
અને માણસ જયારે ફૂટી જાય છે ત્યારે થોડી થોડી રેડે છે.
૧. પ્રસ્તુત પંકિતમાં 'એ લોકો' શબ્દપ્રયોગ કોનાં માટે થયો છે ?
૨. એ લોકો દવાની શીશીઓનું શું કરે છે ?

**[B] નીચે આપેલી કાવ્યપંકિતઓ સમજાવો.** 4

*(બોર્ડે પોતાની ઓફિસીયલ વેબસાઈટ ઉપર મુકેલા SA-2 એકઝામીનેશન સ્ટ્રકચરમાં આ પ્રશ્ન મુકેલો છે છતાં છેલ્લા બે વર્ષથી આ પ્રશ્ન "**કાવ્યપકિત ઉપરથી પ્રશ્નના જવાબ લખો**" તરીકે જ પુછાયો છે. જો કે, વિદ્યાર્થીઓએ "**નીચેની કાવ્યપંકિતઓ સમજાવો**" પ્રશ્ન તરીકેના જવાબની તૈયારી રાખવી જોઈએ.)*

[1] ઝરમર વરસે મેહ નેહનો,
વાયુ વહે અનુકૂલ;
આ ઉરની પાંખડીઓ ઊઘડે
ગંધ વહે બની ફૂલ.

[2] આવ્યો છું તો લાવ જરા અહીં મળતો જાઉં
આ મેળે જન લાખ, ભલા કૈં ભળતો જાઉં

[3] લાંબો પંથ મૂકયો પાછળ ને
આગળ લાંબો પંથ;
મનખાંના મેળાનો વચમાં
બે ઘડીનો આનંદ;
જરા કૈં રળતો જાઉં !

[4] છલક છલક છલકાય
છતાં યે કદી શકી નવ ઢળી,
વૃન્દાવનમાં,
વળી કોઈને કુરુક્ષેત્રમાં મળી.

[5] અબ લગ કંકર એક ન લાગ્યો
ગયા ભાગ્ય મુજ ફૂટી !

[6] ઝાલો ત્યાં તો છટકે એવી નાજુક ને ચંચલ **[2006-2007]**

**[C] નીચેનામાંથી કોઈ પણ *ત્રણ* પ્રશ્નોના બે – ત્રણ વાકયોમાં ઉત્તર લખો :** 06

*(કુલ ચારમાંથી ત્રણ પ્રશ્નોના જવાબ લખવાના હોય છે.)*

[1] 'છેલ્લું દર્શન' કાવ્યમાં કવિનો દામ્પત્ય – પ્રેમ કેવી રીતે વ્યકત થયો છે ? <u>અથવા</u> 'છેલ્લું દર્શન' કાવ્યમાં કવિ મૃત પત્નીને કઇ રીતે અંજલી આપે છે ?

[2] 'પલ' કાવ્યમાં સમયનાં કયાં સ્વરૂપો આલેખાયાં છે તે સદૃષ્ટાંત સમજાવો. અથવા 'પલ' કાવ્યમાં 'વૃંદાવન' અને 'કુરુક્ષેત્ર' દ્વારા સમયના કયા પરિમાણોનો ઉલ્લેખ કરાયો છે ?

[3] જાતમહેનત વિશે મુકતક શું પ્રબોધે છે ?

[4] કવિને 'એ લોકો' પ્રત્યે આક્રોશ શા માટે છે ?

[5] દુહાઓમાં દુર્જન, સજ્જન અને કપટીના લક્ષણો કેવા દૃષ્ટાંતો વડે સૂચવાયા છે ? અથવા દુહાઓમાં અંકિત કરાયેલા દુર્જન, સજ્જન તથા કપટી માટે કયાં ઉદાહરણો આપેલાં છે ? અથવા મોતી અને સજ્જન તથા કાજળ અને દુર્જન વચ્ચે શું સમાનતા છે ? અથવા કાજળ અને મોતીના દૃષ્ટાંતો દ્વારા લોકકવિ શું સૂચવે છે ?

[6] 'આવ્યો છું તો'માં ફૂલ થઈ ફળવાની ઈચ્છા કવિ કયારે વ્યકત કરે છે ? અથવા 'આવ્યો છું તો' કાવ્યના કવિની કઈ ઝંખના છે ?અથવા કવિ ફૂલ બનીને ફળતા જવાનું કેમ ઈચ્છે છે ?

[7] 'છેલ્લું દર્શન' કાવ્યમાં કવિ આંસુ સારવાની કેમ ના પાડે છે ?

[8] 'આવ્યો છું તો' કાવ્યમાં કવિ માનવજીવનની સફળતા શેમાં જુએ છે ?

[9] 'અબ લગ કંકર એક ન લાગ્યો, ગયા ભાગ્ય મુજ ફૂટી' આ પંકિત કઈ ઘટનાનો નિર્દેશ કરે છે ? અથવા શ્રીકૃષ્ણ વિનાના મધુવનમાં ગોપીઓની વિરહવેદના કેવી રીતે વ્યકત થઈ છે ? અથવા 'માધવ કયાંય નથી'માં ગોપીની કઈ દશાનું આલેખન થયું છે તે સદૃષ્ટાંત લખો.

[10] શ્રીકૃષ્ણ વિનાના મધુવનની વેદના કોણ કોણ વ્યકત કરે છે ? અથવા શ્રીકૃષ્ણ વિનાના વૃંદાવનની વેદના કાવ્યમાં કયાં તત્વો મારફત વ્યકત થઈ છે ? અથવા 'માધવ કયાંય નથી' માં નિર્દિષ્ટ કૃષ્ણલીલાનું વર્ણન તમારા શબ્દોમાં કરો. અથવા 'માધવ કયાંય નથી'માં કૃષ્ણવિરહની વ્યથા કઈ રીતે વ્યકત થઈ છે ?

[11] 'એ લોકો'ને કવિ 'નોટોને ખાઈ ઊછરતી ઊધઈ' શા માટે કહે છે ? અથવા કવિએ 'એ લોકો'ને કોની સાથે સરખાવ્યા છે ? શા માટે ?

[12] 'એ લોકો' કાવ્યનો ભાવાર્થ સમજાવો.

[13] 'છેલ્લું દર્શન'માં કવિ કોઈ સ્મરણચિહ્ન લેવાની શા માટે મનાઈ કરે છે ?

[14] વનમાળીની વેણુ વગાડવાની વાત કોણ કોણ યાદ કરે છે ?

[15] 'એ લોકો' કાવ્યમાં સમાજની આર્થિક વિષમતાનું આલેખન કેવી રીતે થયું છે તે દૃષ્ટાંત આપી સમજાવો.

[16] 'આવ્યો છું તો'માં માનવસંબંધોનો મહિમા કેવી રીતે વ્યકત થયો છે ?

[17] 'છેલ્લું દર્શન' કાવ્યની વિશેષતા શી છે તે સદૃષ્ટાંત સમજાવો.

[18] કવિ પલને શેની શેની સાથે સરખાવે છે ?

[19] બગલા અને કાગડાના દૃષ્ટાંતથી લોકકવિ શું કહેવા માગે છે ? અથવા બીજા દુહામાં બગલા અને કાગડાના દૃષ્ટાંત દ્વારા શું કહેવાયુ છે ?

[20] 'એ લોકો' ના કવિ જંતુનાશક દવા થવાનું શા માટે ઈચ્છે છે ?

[21] 'છેલ્લું દર્શન' કાવ્યમાં કવિ મૃતપત્ની આગળ માંગલ્યની કઈ કઈ સામગ્રીઓ ધરવાનું કહે છે ?અથવા કવિ મૃતપત્નીને કઈ કઈ સામગ્રી ધરવાનું કહે છે ? શા માટે ?

[22] પલની વિશેષતાઓ જણાવો.

**[D] નીચેનામાંથી કોઈ પણ છ પ્રશ્નોના એક – એક વાકયમાં ઉત્તર લખો :** 06

*(કુલ સાતમાંથી છ પ્રશ્નોના જવાબ લખવાના હોય છે.)*

[1] 'એ લોકો' શબ્દપ્રયોગ કવિએ કોના માટે કર્યો છે ?

[2] 'કાળ તણું જાણે કે એ તો વરસે ઝરમર જલ' પ્રસ્તુત પંકિત શેનું વર્ણન કરે છે ?

[3] 'કુળથી નહિ, પણ ગુણો વડે મૂલ્ય થાય' તે વાત કવિ કોના દૃષ્ટાંતથી સમજાવે છે ?

[4] ભમરો ગુંજન દ્વારા કઈ વાત વહેતી મૂકે છે ?

[5] 'વૃન્દાવનમાં, વળી કોઈને કુરુક્ષેત્રમાં મળી' પ્રસ્તુત પંકિત કોની વાત કરે છે ? <u>અથવા</u> વૃન્દાવન અને કુરુક્ષેત્રના ઉલ્લેખ દ્વારા શાનો સંકેત કરવામાં આવ્યો છે ?

[6] કવિ પલને શેની સાથે સરખાવે છે ?

[7] કવિ મૌનનું ગાણું ભૂલીને શું માણવાનું કહે છે ?

[8] 'માણસ' શબ્દ શેનો નિર્દેશ કરે છે ?

[9] કવિ પ્રિયકાંત મણિયારને શું બનવું છે ? <u>અથવા</u> 'એ લોકો' કાવ્યના કવિને શું બનવાની ઈચ્છા થાય છે ?

[10] કવિની આગળ અને પાછળ કેવો પંથ છે ?

[11] કવિ આંખોને સંબોધીને શું કહે છે ?

[12] અગ્નિની સાક્ષીએ કઈ ઘટના બની ? <u>અથવા</u> 'છેલ્લું દર્શન' કાવ્યમાં કવિ તેમની પત્ની સાથેના મિલન અને વિરહમાં કોની સાક્ષીનો ઉલ્લેખ કરે છે ? <u>અથવા</u> 'છેલ્લું દર્શન' કાવ્યમાં અગ્નિની હાજરી કયા બે પ્રસંગોમાં દર્શાવાઈ છે ?

[13] 'આવ્યો છું તો'ના કવિએ શેની પાંખડીઓ ઊઘડવાની વાત કરી છે ?

[14] મનખાનો મેળો એટલે શું ?

[15] પલને શેની અસર થતી નથી ? <u>અથવા</u> 'પલ' પર કઈ ઋતુની અસર થતી નથી ?

[16] કમળનું ઉદાહરણ શું સમજાવે છે ?

[17] 'ગયાં ભાગ્ય મુજ ફૂટી' એમ કોણ કહે છે ?

[18] 'એ લોકો' કાપડના તાકાનું શું કરે છે ?

[19] 'પલ' કાવ્યમાં સમયનાં કયાં સ્વરૂપો વ્યકત થયા છે તે સદૃષ્ટાંત સમજાવો.

[20] 'છેલ્લું દર્શન' કાવ્યમાં કવિ મૃત પત્નીને કઈ રીતે અંજલી આપે છે ?

[21] 'છેલ્લું દર્શન' કાવ્યના કવિ મૃતપત્નીને કઇ કઇ સામગ્રી ધરવાનું કહે છે ? શા માટે ?

[22] કવિને અંતિમ ઉપાય તરીકે જંતુનાશક દવા બનવાની ઈચ્છા કેમ થાય છે ? <u>અથવા</u> કવિને કેવી દવા બનવાનું મન થાય છે ?

[23] કદમડાળી કોને શું પૂછે છે ?

[24] 'આવ્યો છું તો'ના કવિ શેમાં ભળવાનું કહે છે ?

[25] 'એ લોકો'ના કવિ શું થવા ઈચ્છે છે ?

[26] 'પલ'માં કવિ સમયના રૌદ્ર અને રમ્ય પરિણામો કયા સંદર્ભથી નિર્દેશે છે ?

[27] દુર્જન અને સજ્જન શું નથી તજતા ?

[28] કોના તન અને મનનો રંગ એક જ છે ?

[29] 'છેલ્લું દર્શન' કાવ્યનો વિષય શું છે ?

[30] ગોપીને પોતાનું ભાગ્ય ફૂટેલું શા માટે લાગે છે ?

[31] સરકતી પલ કેવી લાગે છે ?

[32] ગોપીઓ કૃષ્ણની રાવ કેવી રીતે કરતી હતી ?

[33] 'આવ્યો છું તો'ના કવિ શેમાં ભળવા ઈચ્છે છે ?

[43] 'એ લોકો' કાવ્યમાં કયા પ્રકારની અસમાનતા દર્શાવાઈ છે ?

[44] 'છેલ્લું દર્શન' કાવ્યમાં કઈ ઘટનાનું માંગલિક ઘટના તરીકે નિરૂપણ થયેલું છે ?

[45] વ્યકિત પોતાનો ઉદ્ધાર કેવી રીતે કરી શકે ?

[46] 'આવ્યો છું તો' કાવ્યના કવિના કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યું છે ?

[47] કદંબડાળી કયાં ઝૂકી છે ?

[48] આંખો કઈ રીતે કૃષ્ણ નથી એ વાત કરે છે ?

[49] દુહામાં કાજળ અને મોતીના દૃષ્ટાંત દ્વારા શું સૂચવાયું છે ?

[50] 'એ લોકો' કાવ્યના કવિનું નામ જણાવો.
[51] 'છેલ્લું દર્શન' કાવ્યમાં કવિએ મૃત્યુની ઘટનાનું કેવી ઘટના તરીકે નિરૂપણ કર્યું છે ?
[52] 'માધવ કયાંય નથી........' કાવ્યમાં શેનું આલેખન થયું છે ?
[53] કવિએ 'એ લોકો'ને કોની સાથે સરખાવ્યા છે ?
[54] 'માધવ કયાંય નથી........' કાવ્ય કવિના કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યુ છે ?

**આટલું યાદ રાખો :**

(નીચેના ચાર્ટસ "એક – એક વાકયમાં જવાબ લખો."વાળા પ્રશ્નોના જવાબ માટે ઉપયોગી થશે)

**ચાર્ટ – ૧**

| કાવ્ય | સાહિત્ય પ્રકાર | કવિ/કર્તા (કૌંસમાં આપેલા શબ્દો ઉપનામ છે) | પુસ્તક |
|---|---|---|---|
| છેલ્લું દર્શન | .... | રા.વિ. પાઠક(શેષ, દ્વિરેફ, સ્વૈરવિહારી) | શેષના કાવ્યો |
| માધવ કયાંય નથી મધુવનમાં | ગીત | હરીન્દ્ર દવે | મૌન |
| આવ્યો છું તો | ગીત | જયંત પાઠક | મર્મર |
| એ લોકો | ... | પ્રિયકાંત મણિયાર | પ્રબલ ગતિ |
| પલ | ગીત | મણિલાલ દેસાઇ | રાનેરી |

**ચાર્ટ – ૨**

| પાઠ | સાહિત્ય પ્રકાર | લેખક/કર્તા (કૌંસમાં આપેલા શબ્દો ઉપનામ છે) | પુસ્તક |
|---|---|---|---|
| દેશગમન | આત્મકથાખંડ | ગાંધીજી | સત્યના પ્રયોગો અથવા આત્મકથા |
| આભલાનો ટૂકડો | ટૂંકીવાર્તા | જયંતી દલાલ(નિર્વાસિત, બંદા, મનચંગા) | આ ઘેર પેલે ઘેર |
| નાનાભાઇ | રેખાચિત્ર | મનુભાઇ પંચોળી(દર્શક) | સદ્ભીઃ સંગ |
| થીગડું | ટૂકીવાર્તા | સુરેશ હરિપ્રસાદ જોષી | બીજી થોડીક |
| પંચપટરાણીની સેવામાં ઘરકામ | લલિતનિબંધ | યજ્ઞેશ દવે | અરૂપસાગરે રૂપરતન |

*Didar Hemani*
*Contact No. 09975 112970*